RNI NO GUJGUJ/2005/23814

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

JAMNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા | શિવમ બિલ્ડીંગ, અનુપમ ટોકીઝ પાસે, જામનગર ૯૭૨૭૯૧૧૦૮૭

● સંવત ૨૦૮૦ ચૈત્ર સુદ - ૧૨ | શનિવાર, તા.૨૦-૦૪-૨૦૨૪ | અંક : ૯૯ | વર્ષ : ૧૯ | jamnagar@aaspassaindia.com | કિંમત રૂા. ૨-૫૦ | પાના - ૮

## એલન મસ્કનો ભારત પ્રવાસ થયો રદ

### ૨૧-૨૨ એપ્રિલે આવવાના હતા ટેસ્લાના CEO

નવીદિલ્હી,

ટેસ્લાના ઝઈ એલન મસ્કનો ભારત પ્રવાસ રદ થયો છે. રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો કે એલન મસ્કે પોતાનો ભારતનો પ્રવાસ સ્થગિત કરી દીધો છે. જોકે, હજુ પ્રવાસ રદ થવાનું કારણ સામે આવ્યું નથી પરંતુ એવું માનવામાં આવે છે મસ્કનો પ્રવાસ ટેસ્લાના પ્રથમ ત્રિમાસિક પ્રદર્શન વિશે સવાલોના જવાબ આપવા માટે ૨૩ એપ્રિલે અમેરિકામાં એક કોન્ફરન્સ કોલને કારણે ટાળવામાં આવ્યો છે.

એક રિપોર્ટ અનુસાર ટેસ્લાના માલિક એલન મસ્કનો ભારતનો પ્રવાસ રદ થયો છે. ૨૩ એપ્રિલે ટેસ્લાના ત્રિમાસિક પરિણામ વિશે જાણકારી આપવા માટે તે



હાજર રહેશે.

એલન મસ્ક ભારતના પ્રવાસ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરવાના હતા અને ટેસ્લાના ભારતના ભવિષ્ય વિશે ચર્ચા પણ કરવાના હતા. મસ્કે ૧૦ એપ્રિલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર એક પોસ્ટ શેર કરતા કહ્યું હતું, 'ભારતમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાતને લઈને ઉત્સુક છું.'

મોદી અને મસ્ક અત્યાર સુધી ૨ વખત મળી ચુક્યા છે. બન્નેની ૨૦૧૫માં કેલિફોર્નિયામાં ટેસ્લાની ફેક્ટરીમાં મુલાકાત થઇ હતી. તે બાદ જૂન ૨૦૨૩માં બન્ને ન્યૂયોર્કમાં પણ મળ્યા હતા.ગુજરાત અને મહારાષ્ટ્ર બન્ને રાજ્ય સરકાર ટેસ્લાને પોતાનો પ્લાન્ટ સ્થાપવા માટે જમીન આપવાની વાત કરી છે. ૨થી ૩ અબજ અમેરિકન ડૉલરના રોકાણનું અનુમાન છે. ટેસ્લાનો ટાર્ગેટ ઈલેક્ટ્રિક વાહનોની ઘરેલુ અને આંતરરાષ્ટ્રીય બન્ને માંગોને પૂર્ણ કરવાનો છે.

## ગુજરાતની ૨૬ બેઠકો પર ૫૦૦થી વધુ લડવૈયાઓએ નોંધાવી ઉમેદવારી

### કેટલા ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ જામશે તે ૨૨ એપ્રિલના ચિત્ર સ્પષ્ટ થશે

અમદાવાદ

ગુજરાતમાં લોકસભાની ચૂંટણી માટે ઉમેદવારીપત્ર ભરવાનો શુક્રવારે અંતિમ દિવસ હતો. ૨૬ બેઠકો માટે કુલ ૫૪૪ ઉમેદવારીપત્ર ભરાયા છે. હવે ૨૦એપ્રિલના ઉમેદવારીપત્રની ચકાસણી થશે અને ૨૨ એપ્રિલ સુધી ઉમેદવારીપત્ર પરત ખેંચી શકાશે. આમ, ગુજરાતમાં કેટલા ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ જામશે તેના પરથી ૨૨ એપ્રિલના ચિત્ર સ્પષ્ટ થશે.

૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં ગુજરાતમાંથી ૫૨૭ પુરુષ-૪૧ મહિલા- ૧ ટ્રાન્સજેન્ડર એમ કુલ ૫૬૯ ઉમેદવારીપત્ર ભરાયા હતા. આ પૈકી ૧૧૭ના ઉમેદવારી પત્ર રદ કરાયા હતા અને ૮૧એ ઉમેદવારી પરત ખેંચી હતી. આમ, ૩૪૨ પુરુષ-૨૮ મહિલા-૧ ટ્રાન્સજેન્ડર સાથે કુલ ૩૭૧ ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ થયો હતો. જેની સરખામણીએ આ વખતે ગુજરાતમાંથી ૫૪૪ ઉમેદવારી પત્ર ભરાયા છે અને તેમાં મહિલાનું પ્રમાણ માત્ર ૩૦ છે.

ભાવનગર બેઠકથી ૬, ગાંધીનગર-સાબરકાંઠાથી ૪, બનાસકાંઠાથી ૩, કચ્છમાંથી બે જ્યારે અમદાવાદ પશ્ચિમ અમરેલી, બારડોલી, દાહોદ, જામનગર, જુનાગઢ, ખેડા, નવસારી, વડોદરા, વલસાડમાંથી ૧-૧ મહિલાએ ઉમેદવારી પત્ર ભર્યા છે. આમ, ૨૦૧૯ની સરખામણીએ ઉમેદવારી પત્ર ભરાવાનું અને મહિલાઓનું પ્રમાણ ઓછું છે. બેઠક પ્રમાણે જોવામાં આવે તો અમદાવાદ પૂર્વમાંથી સૌથી વધુ ૪૪, ગાંધીનગરમાંથી ૩૯, વડોદરામાંથી ૩૪ ઉમેદવારીપત્ર ભરાયા છે. બારડોલીમાંથી માત્ર ૯ ઉમેદવારીપત્ર ભરાયેલા છે.

## મનીષ સિસોદિયાની જામીન અરજી પર રાઉઝ એવન્યુ કોર્ટે પોતાનો ચુકાદો સુરક્ષિત રાખ્યો

નવીદિલ્હી,

દિલ્હી એક્સાઈઝ પોલિસી સંબંધિત CBI અને ED કેસમાં નિયમિત જામીન માંગતી મનીષ સિસોદિયાની જામીન અરજી પર રાઉઝ એવન્યુ કોર્ટે પોતાનો ચુકાદો સુરક્ષિત રાખ્યો છે. કોર્ટ ૩૦ એપ્રિલે ચુકાદો સંભળાવશે.

સુનાવણી દરમિયાન EDના વકીલે સ્પેશિયલ જજ કાવેરી બાવેજાને કહ્યું કે સુપ્રીમ કોર્ટ-હાઈકોર્ટે સિસોદિયાને કેસના માસ્ટર માઈન્ડ માન્યા છે. કોર્ટે સ્વીકાર્યું છે કે તેઓ તપાસને અસર પહોંચાડી શકે છે. મનીષ લિકર પોલિસી કૌભાંડ કેસમાં તિહાર જેલમાં છે. સિસોદિયાની ૨૬ ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજ સેન્ટ્રલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. તેમજ, EDએ CBIની FIR સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં ૯ માર્ચ, ૨૦૨૩ના રોજ સિસોદિયાની ધરપકડ કરી હતી. ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજ સિસોદિયાએ દિલ્હી કેબિનેટમાંથી રાજીનામું આપ્યું હતું.

સિસોદિયાએ દિલ્હી હાઈકોર્ટથી લઈને સુપ્રીમ કોર્ટમાં જામીન માટે અરજી કરી હતી, પરંતુ દરેક વખતે તેમની અરજી ફગાવી દેવામાં આવી હતી. માર્ચ ૨૦૨૪માં સિસોદિયાએ ફરીથી ટ્રાયલ કોર્ટમાં જામીન માટે અરજી કરી, જેના પર સુનાવણી બાકી છે.

## જામજોધપુરના તરસાઈ ગામે ૪૬૫૬ બોટલ ઈંગ્લીશ દારૂનો જથ્થો ઝડપાયો

### માલવાહક વાહનને પકડવા ફિલ્મી દ્રશ્યો સર્જાયા : બે બૂટલેગરો વાહન છોડી ભાગી છૂટયા : રૂા. ૯.૬૫ લાખનો મુદ્દામાલ કબ્જે

ખંભાળિયા : જામજોધપુર તાલુકાના તરસાઈ ગામ પાસે ગઈ રાત્રે દારૂનો જથ્થો ભરીને નીકળેલું એક વાહન પસાર થતાં પોલીસે તેનો પીછો કર્યો હોવાથી માર્ગ પર ફિલ્મી દ્રશ્ય સર્જાયા હતા. દરમિયાન પોલીસ પીંછા થી બચવા માટે બે ધંધાર્થીઓ વાહન રેઢું મૂકીને ભાગી છુટ્યા હતા. તે વાહનમાંથી પોલીસે ૪,૬૫,૦૦૦ ની કિંમતનો ૪,૬૫૬ નંગ ઈંગ્લિશ દારૂની નાની બાટલીઓનો જથ્થો અને વાહન સહિત ૯.૬૫૬૦૦ ની માલમતા કબ્જે કરી છે, જ્યારે ફરારી દારુના ધંધાર્થીઓની શોધખોળ હાથ ધરી છે.





જામજોધપુરના પોલીસ ઈન્સ્પેક્ટર વાય. જે. વાઘેલા અને તેમના સ્ટાફમાં પ્રજ્ઞરાજ સિંહ જાડેજા, કૌશિકભાઈ કાંબરીયા અને દિલીપસિંહ જાડેજા વગેરેને બાતમી મળી હતી કે એક માલવાહક વાહનમાં દારૂ ભરીને ગામ પાસેથી લઈ જવામાં આવી રહ્યો હતો.

જે બાતમીને આધારે ગી રાત્રે જામજોધપુર પોલીસે વોચ ગોઠવી હતી, જે દરમિયાન જીજે ૧૧ વી.વી. નંબરનું અશોક લેલેન્ડ કંપનીનું બડા દોસ્ત ભારવાહક વાહન પસાર થતાં પોલીસે તેને અટકાવવાનો પ્રયત્ન કર્યો હતો. પરંતુ તેના ચાલકે અને વાહન ઉભો રાખવાના બદલે હંકારી દીધું હતું, જેથી પોલીસ ટુકડીએ તે વાહનનો પીછો કર્યો હતો, અને ફિલ્મ મિત્ર સર્જાયા હતા. બે ત્રણ કિલોમીટર સુધી વાહનચાલક બાકી છૂટ્યા પછી તરસાઈ ગામ નજીક વાહનને રેઢું મૂકીને તેનો ચાલક અને એ અન્ય એક બંને ભાગી ચૂક્યા હતા. પોલીસે વાહનની તલાસી લેતા તેમાંથી ૪૬૫૬ નંગ નાની ઈંગ્લિશ દારૂની બાટલીનો જથ્થો મળી આવ્યો હતો. આથી પોલીસે ૪,૬૫૬ નંગ ઈંગલિશ દારૂ અને ભારવાહક વાહન સહિત કુલ રૂપિયા ૯.૬૫ની માલ મતા કબ્જે કરી છે.

પોલીસની તપાસ દરમિયાન ઉપરોક્ત ઉપરોક્ત દારૂ જામજોધપુર ના ધોરીયો નેશ વિસ્તારમાં રહેતા નાથાભાઈ લાલાભાઈ મોરીએ મંગાવ્યો હોવાણું અને તે પોતે દારૂ ભરેલા વાહનમાં હાજર હોવાનું જાણવા મળ્યું હતું. ઉપરાંત દારૂના કેસમાં તેની સાથે એક અજાણ્યા વાહન ચાલક કે જે પોલીસને જોઈને ભાગી છૂટ્યો હતો.આથી પોલીસે બંનેને ફરારી જાહેર કર્યા છે અને તેઓની શોધખોળ હાથ ધરી છે.

## 11 રાજ્યો હીટવેવની ઝપેટમાં : 17 શહેરોમાં ગરમી 43 ડિગ્રીને પાર

### ગુજરાત, આંધ્રપ્રદેશ સહિત રાજ્યોમાં ૪ દિવસ હીટવેવની સ્થિતિ

નવીદિલ્હી,

એપ્રિલના ત્રીજા સપ્તાહમાં સૂર્યએ ઉગ્ર સ્વરૂપ બતાવવાનું શરૂ કરી દીધું છે, આકરી ગરમીને લીધે દેશના ૧૧ રાજ્ય હીટવેવ(લૂ)ની ઝપેટમાં આવ્યા છે.

શુક્રવારે ૧૧ રાજ્યોના ૧૭ શહેરોમાં દિવસનું તાપમાન ૪૩ ડિગ્રીને પાર નોંધાયું હતું. મહારાષ્ટ્રના વિદર્ભ, મરાઠવાડા, મધ્ય મહારાષ્ટ્ર, આંધ્ર પ્રદેશના રાયલસીમા, તેલંગાણા, છત્તીસગઢ, ઓડિશા, મધ્ય પ્રદેશ, ગંગાના પશ્ચિમ બંગાળ, પૂર્વીય ઉત્તર પ્રદેશ અને ઝારખંડમાં ૪૨થી ૪૪ ડિગ્રી વચ્ચે તાપમાન નોંધાયું છે.

ગુજરાત, પૂર્વ અને પશ્ચિમ મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ, તમિલનાડુ અને બિહારમાં તાપમાન ૪૦થી ૪૨ ડિગ્રી સેલ્સિયસ વચ્ચે નોંધાયું હતું. આ તમામ રાજ્યોમાં તાપમાન સામાન્ય કરતા બેથી ચાર ડિગ્રી વધારે હતું. હવામાન વિભાગે આગાહી કરી છે કે દેશના પૂર્વ ભાગો પશ્ચિમ બંગાળ, ઓડિશા, આંધ્રપ્રદેશ, તેલંગાણા, તમિલનાડુ, છત્તીસગઢ, ઝારખંડ અને ગુજરાતમાં આગામી ૩થી ૪ દિવસ સુધી હીટવેવની સ્થિતિ યથાવત રહેશે. જ્યારે પશ્ચિમી રાજ્યો પંજાબ, હરિયાણા, દિલ્હી,રાજસ્થાનમાં આગામી એક-બે દિવસમાં તાપમાન ૪૦ ડિગ્રી સેલ્સિયસને પાર પહોંચશે.

### ગુજરાત સહિત ૨૩ રાજ્યોના ૧૨૫ જિલ્લામાં દુષ્કાળ જેવી સ્થિતિ

દેશના મોટાભાગના વિસ્તારો હાલ દુષ્કાળ જેવી સ્થિતિનો સામનો કરી રહ્યા છે. હવામાન વિભાગે ૪થી ૧૦ એપ્રીલ વચ્ચે આંકડા જાહેર કર્યા હતા જે મુજબ દેશના ૧૨૫ જિલ્લાઓ દુષ્કાળ જેવી સ્થિતિનો સામનો કરી રહ્યા છે. ગયા વર્ષે આ આંકડો માત્ર ૩૩ હતો, એટલે કે દુષ્કાળનો સામનો કરી રહેલા જિલ્લાઓમાં આ ઉનાળામાં અગાઉના ઉનાળાની સરખામણીએ ૨૭૯ ટકાનો વધારો જોવા મળ્યો છે. આશરે ૨૩ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશના ૧૨૫ જિલ્લા સુધી દુષ્કાળ જેવી સ્થિતિ જોવા મળી રહી છે.

ઉનાળાની શરૂઆતમાં જ આ આંકડા જોવા મળી રહ્યા છે જેથી આગામી દિવસોમાં કફોડી સ્થિતિનો સામનો કરવો પડે તેવી શક્યતાઓ છે. જે રાજ્યોના જિલ્લાઓમાં દુષ્કાળ જેવી સ્થિતિ છે તેમાં ગુજરાત, આંધ્ર, અરુણાચલ, હરિયાણા, હિમાચલ, જમ્મુ કાશ્મીર, કર્ણાટક, મહારાષ્ટ્ર, ઉત્તરાખંડ, તામિલનાડુના વધુ જિલ્લાઓનો સમાવેશ થાય છે.

## પંજાબની સંગરુર જેલમાં કેદીઓ વચ્ચે હિંસક અથડામણ: ૨ના મોત

### બેની હાલત ગંભીર : બે જૂથો વચ્ચે ટક્કર, કટર વડે હુમલો

સંગરૂર,

પંજાબની સંગરુર જેલમાં કેદીઓ વચ્ચે લોહિયાળ અથડામણ થઈ છે. પ્રાથમિક માહિતી મુજબ જેલમાં કેદીઓના બે જૂથો એકબીજા સાથે મારપીટ કરી હતી. જેઓ ગંભીર રીતે ઘાયલ થયા હતા, તેઓને સારવાર માટે લાવવામાં આવ્યા હતા, જ્યાં બે કેદીઓના મોત થયા હતા.સંગરુર હોસ્પિટલના ડોકટરોના જણાવ્યા અનુસાર, બે કેદીઓ પહેલા જ મૃત્યુ પામ્યા હતા. બે કેદીઓની ગંભીર હાલતને જોતા તેમને રાજીન્દ્રા મેડિકલ કોલેજ, પટિયાલા રિફર કરવામાં આવ્યા છે. મૃત્યુ પામેલા કેદીઓમાં હર્ષ અને ધર્મેન્દ્ર છે જ્યારે ગગનદીપ સિંહ અને મોહમ્મદ હરીશની હાલત નાજુક છે.પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, સિમરનજીત સિંહ ઉર્ફે જુઝારે તેના ૮ સાથીઓ સાથે મળીને મોહમ્મદ શાહબાઝ અને તેના સાગરિતો પર કટર વડે હુમલો કર્યો હતો.

સિમરનજીત સિંહ જુઝાર ગેંગનો લીડર છે. તે અમૃતસરના રસૂલપુર કાલેરનો રહેવાસી છે. તેની સામે ૩૦૨, ૩૦૭ અને ખંડણીના ૧૮ જેટલા જુદા જુદા કેસ નોંધાયેલા છે. જુઝાર લગભગ ૬ વર્ષથી જેલમાં છે. સંદીપ સિંહ નાંગલ અંબિયાની હત્યામાં સિમરનજીત સિંહ ઉર્ફે જુઝારનું નામ પણ સામે આવ્યું હતું.

## ચૂંટણી દરમિયાન કલમ ૧૪૪ લાગુ કરવા અંગે અરજી પર ૩ દિવસમાં જ નિર્ણય લેવાનો રહેશે

નવીદિલ્હી,

ચૂંટણી દરમિયાન કલમ ૧૪૪ લગાવવામાં આવ્યા પર સુપ્રીમ કોર્ટે વચગાળાનો આદેશ જાહેર કર્યો છે. જેમાં કોર્ટે કહ્યું કે ત્રણ દિવસમાં અરજી પર ઓથોરિટી નિર્ણય કરે, સુપ્રીમ કોર્ટે કહ્યું કે કોઈ વ્યક્તિ ચૂંટણી અંગે મતદાતાઓને શિક્ષિત કરવા માટે યાત્રા આયોજીત કરવાની મંજુરી માંગવા માટે અરજી કરે છે તો સંબંધિત ઓથોરિટીને આવી અરજી પર ૩ દિવસમાં જ નિર્ણય લેવાનો રહેશે.

જસ્ટિસ બીઆર ગવઈની અધ્યક્ષતાવાળી બેંચ આ બાબતની તપાસ કરવા માટે સંમત થઈ ગઈ છે શું જિલ્લા મેજિસ્ટ્રેટ નિયમિત કેસના રૂપમાં ચૂંટણી પહેલા કલમ ૧૪૪ લાગુ કરી શકે છે? અરજીકર્તાઓ દ્વારા વકીલ પ્રશાંત ભૂષણએ કહ્યું કે જ્યાં સુધી શાંતિ ભંગ થવાની આશંકા ન હોય તમે કલમ ૧૪૪નો આદેશ આપી શકો નહી. આ ચૂંટણી પહેલા કરવામાં આવી રહ્યું છે, અને તમામ રેલીઓ રોકી દેવામાં આવી છે. તેમણે કહ્યું કે અમે લોકશાહી યાત્રા અંગે પરવાનગી માટે અરજી કરી છે.

## તમામ લોકશાહી દેશો પાસે UCC છે, ભારતમાં પણ હોવું જોઈએ અને હવે સમય આવી ગયો છે : અમિત શાહ



નવીદિલ્હી,

લોકસભા ચૂંટણી માટે મતદાન પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. આ દરમિયાન કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે યુનિફોર્મ સિવિલ કોડ સહિત અનેક મુદ્દાઓ પર વાત કરી છે. તેમણે કહ્યું કે નરેન્દ્ર મોદી ૧૦ વર્ષથી વડાપ્રધાન છે પરંતુ અમારા વિરોધીઓ તેમના પર એક પણ આરોપ લગાવી શક્યા નથી.

અમિત શાહે કહ્યું કે, વોટબેંકના કારણે કોંગ્રેસ આજે વિખેરાઈ રહી છે. ભારતીય જનસંઘની સ્થાપના થઈ ત્યારથી અમે કહેતા આવ્યા છીએ કે આ દેશમાં સમાન નાગરિક સંહિતા હોવી જોઈએ. તમામ લોકશાહી દેશો પાસેં ઝઝ છે, ભારતમાં પણ હોવું જોઈએ અને હવે સમય આવી ગયો છે કે સમગ્ર ભારતમાં સમાન નાગરિક સંહિતા હોવી જોઈએ.

## પાકિસ્તાનને ઝટકો : ચાર કંપનીઓ પર અમેરિકાએ લગાવ્યો પ્રતિબંધ

### પાકિસ્તાનને બેલેસ્ટિક મિસાઇલ પ્રોગ્રામના સાધન પુરા પાડવાનો આરોપ

નવીદિલ્હી,

અમેરિકાએ ચીનની ત્રણ અને બેલારૂસની એક કંપની પર પ્રતિબંધ લગાવ્યો છે. આ કંપનીઓ પર આ પ્રતિબંધ પાકિસ્તાનને બેલેસ્ટિક મિસાઈલના સાધન પુરા પાડવાને કારણે લગાવવામાં આવ્યો છે. તેમાં લૉન્ગડે ટેકનોલોજી ડેવલપમેન્ટની શી, તિયાનજિન ક્રિએટિવ સોર્સ ઈન્ટરનેશનલ ટ્રેડ અને ગ્રાનપેક્ટ કંપની લિમિટેડનું નામ સામેલ છે.

બેલારૂસની મિંસ્ક વ્હીલ ટ્રેક્ટર પ્લાન્ટ કંપની પર પણ પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે. આ ચારેય કંપનીઓ પર પાકિસ્તાનના બેલેસ્ટિક મિસાઈલ પ્રોગ્રામમાં મદદ કરવાનો આરોપ છે. મેથ્યૂ મિલરે કહ્યું કે આ કંપનીઓ ભારે નુકસાન ધરાવતા હથિયારોના પ્રસારમાં સામેલ હતી જેને કારણે તેમના વિરૂદ્ધ કાર્યવાહી કરવામાં આવી છે. અમેરિકાના વિદેશ વિભાગે જણાવ્યું કે બેલારૂસની કંપની મિંસ્ક વ્હીલ ટ્રેક્ટર પ્લાન્ટ કંપની પાકિસ્તાનની લાંબા અંતરની બેલેસ્ટિક મિસાઈલ પ્રોગ્રામ માટે વિશેષ વ્હીકલ ચેસિસ પુરા પાડતી હતી. આ ચેસિસ બેલેસ્ટિક મિસાઈલમાં લૉન્ચ સપોર્ટમાં ઉપયોગ થાય છે. અમેરિકન વિદેશ વિભાગે જણાવ્યું કે ચીનની કંપની ગ્રાનપેક્ટ કંપની લિમિટેડ, પાકિસ્તાનમાં લાંબા અંતરની બેલેસ્ટિક મિસાઈલ તૈયાર કરનારા એકમ નેશનલ ડેવલપમેન્ટ કોમ્પલેક્સને ફિલામેન્ટ વિંડિંગ મશીન આપતી હતી.

સૌરાષ્ટ્ર આસપાસ

# કચ્છમાંથી વાસુકી નાગ સાથે સંબંધિત 4.7 કરોડ વર્ષ જૂના અવશેષો મળ્યા

ભુજ

હિંદુ ધર્મમાં ભાગ્યે જ કોઈ એવું હશે જે સમુદ્ર મંથનની કથા વિશે જાણતું ન હોય. તે સમુદ્ર મંથન દરમિયાન હતું કે અમૃત અને ઈચ્છાઓ સહિત વિશ્વના તમામ રત્નો કાઢવામાં આવ્યા હતા. આ મહાન મંથનમાં મંદરાચલ પર્વતનો ઉપયોગ મંથન તરીકે અને વાસુકી નાગનો દોરડા તરીકે ઉપયોગ કરવામાં આવ્યો હતો. ભગવાન વિષ્ણુએ સ્વયં આ પર્વતને કાચબાના રૂપમાં પોતાની પીઠ પર રાખ્યો હતો જેથી તેનું મંથન કરવામાં સરળતા રહે. ખાસ વાત એ છે કે હવે વિજ્ઞાને પણ સમુદ્ર મંથન દરમિયાન વાસુકી નાગના અસ્તિત્વની પુષ્ટિ કરી છે. ગુજરાતના કચ્છમાંથી વાસુકી નાગ સાથે સંબંધિત ૪.૭ કરોડ વર્ષ જૂના અવશેષો મળી આવ્યા છે.

ગુજરાતના કચ્છમાં આવેલી ખાણમાંથી સમુદ્ર મંથન કરનાર સર્પ વાસુકીના અવશેષો મળી આવ્યા છે. અહીં એક વિશાળ સાપની કરોડરજ્જુના અવશેષો મળી આવ્યા છે. પ્રાપ્ત માહિતી અનુસાર, સાપના હાડકાના આ અવશેષો ૪.૭ કરોડ વર્ષ જૂના છે.સાડાચાર કરોડ વર્ષ જૂના અવશેષોને વૈજ્ઞાનિકોએ ખાસ નામ પણ આપ્યા છે. તેણે તેને વાસુકી ઈન્ડીકસ કહ્યો છે. તેની પાછળના નિષ્ણાતોનું કહેવું છે કે આ પૃથ્વી પર રહેતા સૌથી મોટા સાપના હાડકાના અવશેષો હોઈ શકે છે. એટલું જ નહીં, તેમણે કહ્યું છે કે સમુદ્ર મંથનનો સમય અને આ અવશેષનો સમય પણ લગભગ નજીકમાં છે. જે સાબિત કરે છે કે આ અવશેષો વાસુકી નાગના હોવા જોઈએ. શોધકર્તાઓને ગુજરાતના કચ્છમાં આવેલી પાનન્ધ્રો



લિગ્નાઈટ ખાણમાંથી માત્ર એક નહીં પરંતુ ૨૭ વાસુકી નાગાઓના અવશેષો મળ્યા છે. આ સાપની કરોડરજ્જુના ભાગો હોવાનું કહેવાય છે. એટલે કે વૈજ્ઞાનિકોને ૪૭ મિલિયન વર્ષો પછી વાસુકી નાગની કરોડરજ્જુના ટુકડા મળ્યા છે.

વૈજ્ઞાનિકોના મતે તે સમયે વાસુકી ઝેરી ન હોત. નિષ્ણાતોના મતે જો વર્તમાન સમયમાં વાસુકીનું અસ્તિત્વ હોત તો તે મોટા અજગર જેવો હોત. જણાવી દઈએ કે અહીં કોલસાની ખાણ છે જ્યાંથી વૈજ્ઞાનિકોએ આ અવશેષો મેળવ્યા છે. અહીં હલકી ગુણવત્તાનો કોલસો કાઢવામાં આવે છે. આ શોધ સાથે સંબંધિત જર્નલ સાયન્ટિફિક રિપોર્ટમાં પણ પ્રકાશિત કરવામાં આવી છે.

તેના મુખ્ય લેખક આઈઆઈટી રૂરકીના સંશોધક છે. તેનું નામ દેબાજીત દત્તા છે. દેબાજીતના મતે, વાસુકી ખૂબ જ ધીમી ગતિએ ચાલતો સાપ હોવો જોઈએ. તે એનાકોન્ડા અથવા અજગર જેવો દેખાશે જે તેના શિકારને પકડીને મારી નાખશે.

વૈજ્ઞાનિકોના મતે વાસુકી નાગની કરોડરજ્જુમાં સૌથી મોટો ભાગ ૪ ઈંચનો છે. એટલું જ નહીં, આ સાપનું શરીરનું બંધારણ પણ નળાકાર એટલે કે ગોળ અને તેની ગોળાકારતા લગભગ ૧૭ ઈંચની હશે. જો કે હાલમાં સંશોધકોને સાપનું માથું મળ્યું નથી, પરંતુ દેબાજીતના કહેવા પ્રમાણે, વાસુકીનું કદ ખૂબ જ વિશાળ હોવું જોઈએ, જેણે કોઈ ઊંચા સ્થાન પર માથું ટેકવી દીધું હોવું જોઈએ અને પછી તેના બાકીના શરીરને તેની આસપાસ લપેટી લીધું હશે. સંશોધક દત્તાના જણાવ્યા અનુસાર, વાસુકી હંમેશા પાણીની જમીનમાં ટ્રેનની જેમ ભૂગર્ભમાં મુસાફરી કરશે અને જરૂર પડ્યે જ બહાર આવશે. ખાસ કરીને તેમના ખોરાકની શોધમાં.

## દુકાનો ખોલવામાં ના આવે તો પરિવાર સાથે સામૂહિક આત્મહત્યાની ચીમકી

### ફાયર NOC રદ કર્યા બાદ ચાર વર્ષથી નવું ફાયર NOC અપાયું નથી અને કોમ્પ્લેક્ષને સીલ કરી દેવાયુ

વડોદરા

વડોદરાના ઉંડેરા વિસ્તારમાં આવેલા કોમર્શિયલ કોમ્પ્લેક્સના ૮૦ જેટલા વેપારીઓએ ચાર વર્ષથી ફાયર ફ્રંઝ નહી અપાઈ રહ્યુ હોવાના કારણે સીલ મારવામાં આવેલી દુકાનો ખોલવામાં ના આવે તો પરિવાર સાથે સામૂહિક આત્મહત્યાની ચીમકી આપી છે.

આ વેપારીઓએ જણાવ્યું હતું કે, ઉંડેરા વિસ્તારમાં કંકાવટી ઓટ્રિયમ નામના કોમ્પ્લેક્સને ૨૦૦૮માં બાંધકામ માટે પરવાનગી આપવામાં આવી હતી. ૨૦૧૧થી ૮૦ કરતા વધારે વેપારીઓ અહીયા દુકાનો લઈને વ્યવસાય કરી રહ્યા છે.

## છેલ્લા દિવસે અમિત શાહ, સી.આર.પાટીલ અને પરેશ ધાનાણી સહિતના નેતાઓએ ભર્યા ઉમેદવારી પત્રો



ગાંધીનગર

લોકસભા ચૂંટણી ૨૦૨૪ અંતર્ગત ગુજરાતમાં ૭મી મેના રોજ ત્રીજા તબક્કામાં તમામ ૨૬ બેઠકો પર એક સાથે મતદાન થવાનું છે. આ માટે આજે ૧૯ એપ્રિલે ઉમેદવારી નોંધવવાનો છેલ્લો દિવસ હતો. આજે અમિત શાહ, સી.આર.પાટીલ અને પરેશ ધાનાણી સહિત ભાજપ-કોંગ્રેસના દિગ્ગજ નેતાઓએ ઉમેદવારી પત્રો ભર્યા. તો આ સાથે જ ઘણા અન્ય પાર્ટીના તેમજ અપક્ષ ઉમેદવારોએ પણ ફોર્મ ભર્યા.

ગાંધીનગર લોકસભા બેઠક પર અમિત શાહે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સહિતના મોટા નેતાઓની હાજરીમાં ઉમેદવારી પત્ર ભર્યું. નવસારી લોકસભા બેઠક પર સી.આર.પાટીલે આજે ઉમેદવારી પત્ર ભર્યું. કાલે તેઓ વિજય મુહૂર્ત ચુકી ગયા હતા. તો નવસારી બેઠક પર કોંગ્રેસ ઉમેદવાર નૈષધ દેસાઈએ પણ ઉમેદવારી નોંધાવી. આ બંને નેતાઓ નવસારી કલેક્ટર કચેરીએ ભેગા થઈ ગયા હતા.

## વડોદરામાં નબીરાએ બ્રિજની સાઈડમાં બેઠેલાઓને કારથી ઉડાડ્યા: યુવકનું મોત

### ગાડીમાંથી નશાકારક પ્રવાહી ભરેલ બોટલ મળી: ACP

વડોદરા

વડોદરાના અકોટા દાંડિયાબજાર બ્રિજ પર મોડીરાત્રે હિટ એન્ડ રનની ઘટના સામે આવી છે. જેમાં નશાની હાલતમાં ધૂત નબીરાએ ૨ એક્ટિવાને અડફેટે લેતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. તેમજ બ્રિજની સાઈડમાં બેઠેલાં યુવક અને યુવતીઓને અડફેટે લીધી હતી. જેમાં સ્ચ્છનો અભ્યાસ કરતા યુવકનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે અન્ય બે યુવતીને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. ઘટનાને પગલે લોકોનાં ટોળેટોળાં ઊમટી પડ્યાં હતાં. આ અકસ્માતે અમદાવાદમાં ઇસ્કોન બ્રિજ પર થયેલા તથ્યકાંડની યાદ તાજી કરાવી હતી. તથ્યને બચાવવા તેનાં પરિવારજનો દોડી આવ્યાં હતાં તેમ આ ઘટનામાં પણ કારચાલક નબીરાને બચાવવા તેનાં પરિવારજનો દોડી આવ્યાં હતાં.

## ACBએ પુર્વ IAS અધિકારી એસ.કે. લાંગા અને તેમના પુત્ર સામે નોંધ્યો ગુનો

### લાંગા અને તેમના પુત્રના નામે ૧૧ કરોડથી વધુની અપ્રમાણસર મિલકત

ગાંધીનગર,

લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો (એસીબી) દ્વાર ગુજરાત સરકારના પૂર્વ IAS અધિકારી એસ.કે. લાંગા અને તેમના પુત્ર સામે ૧૧ કરોડથી વધુની અપ્રમાણસર મિલકત મામલે ગુનો નોંધ્યો છે.

ગુજરાત સરકારના પૂર્વ IAS અધિકારી એસ.કે. લાંગાની થોડા સમય પહેલા ગાંધીનગર પોલીસ દ્વારા તેમની ધરપકડ કરવામાં આવી હતી. જે બાદ તેમને ગાંધીનગર કોર્ટમાં રજૂ કરાયા હતા. જે બાદ તેમના રિમાન્ડ મેળવી પૂછપરછ હાથ ધરવામાં આવી હતી જેમાં કરોડની જમીનને લઈને મહત્વની વિગતો સામે આવી હતી. એસ.કે.લાંગા, આઈ.એ.એસ.(નિવૃત), વર્ગ-૧, તત્કાલીન કલેક્ટર, ગાંધીનગર અને તેઓના પુત્ર પરિક્ષીત શંકરદાન ગઢવીનાઓ વિરૂધ્ધ



રૂ.૧૧,૬૪,૨૮,૦૮૩/-ની અપ્રમાણસર મિલકતનો એ.સી.બી. તપાસમાં જાણવા મળ્યું છે કે ખેડા જિલ્લાના માતરના વિરોજા ગામમાં પૂર્વ IAS અધિકારી એસ.કે. લાંગાની નામે ૭૨ એકર જમીન જમીન આવેલી છે.

## જુનિયર-સિનિયર ક્લાર્કની પરીક્ષા મોકૂફ

### આચારસંહિતાને લઈને પરીક્ષાઓ સ્થગિત કરાઈ : ટૂંક સમયમાં નવી તારીખ જાહેર કરાશે

ગાંધીનગર,

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા આગામી તારીખ ૨૦, ૨૧, ૨૭, ૨૮ એપ્રિલ અને તારીખ ૪ અને ૫ મેના રોજ અમુક સ્પર્ધાત્મક પરીક્ષાઓનું આયોજન કરવામાં આવ્યુ હતું, જે હવે મૌકૂફ રહેશે. ચૂંટણીપંચના નિર્દેશ બાદ ગૌણ સેવા પસંદગી મંડળની જુનિયર અને સિનિયર ક્લાર્કની પરીક્ષા મોકૂફ રાખવામાં આવી છે. લોકસભા ચૂંટણીની આચારસંહિતાને લઈને પરીક્ષા સ્થગિત રખાઈ છે.

જોકે ૮-૯ મેની પરીક્ષા યથાવત્ રહેશે. ટૂંક સમયમાં નવી તારીખ જાહેર કરાશે. ૫૫૫૪ જગ્યા માટે પરીક્ષા ચાલી રહી છે. જેની પરીક્ષા પૂરી થઈ છે તેણે ફરીથી પરીક્ષા નહીં આપવી પડે. ચૂંટણી પછી બાકી ઉમેદવારોની પરીક્ષા યથાવત્ રહેશે.

## ગોધરા -અમદાવાદ હાઈવે પર ટેન્કરે ટ્રેક્ટરને ટક્કર મારી ઉલાળ્યું : ૩નાં મોત

### ત્રણ વર્ષના બાળક સહિત ૭ લોકો ઈજાગ્રસ્ત

ગોધરા

ગોધરા તાલુકાના ટુવા ગામ પાસે આજે વહેલી સવારે ટેન્કર અને ટ્રેક્ટર વચ્ચે અકસ્માત સર્જાતા એક દંપતીનું ઘટનાસ્થળે કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. જ્યારે સાત જેટલા શ્રમિકો ઘાયલ થતા તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ગોધરા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં બે લોકોની હાલત ગંભીર હોવાના કારણે તાત્કાલિક વડોદરા હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. દાહોદ જિલ્લાના સરહદી વિસ્તારમાં આવેલા ખંગેલા, ઉસ્માનિયા અને ચીખલિયા ગામના શ્રમિકો ટ્રેક્ટરમાં સવાર થઈને અમદાવાદ અને ડીસા તરફ જઈ રહ્યા હતા. તે સમયે વહેલી સવારે ગોધરા તાલુકાના ટુવા ગામ પાસે અમદાવાદ-ઈન્દોર હાઈવે ઉપરથી પસાર થતા હતા. ત્યારે ટ્રેક્ટરને પાછળથી આવી રહેલા ટેન્કરે જોરદાર ટક્કર મારતા ટ્રેક્ટર પલટી જતા ટ્રેક્ટરમાં સવાર શ્રમિક પરિવારોના એક દંપતીનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે ત્રણ માસના બાળક સહિત આઠ વ્યક્તિઓને ઈજાઓ પહોંચી હતી. જેમાંથી સારવાર દરમિયાન રોનક રાજેશ મેડા (ઉં.વ. ૯ માસ)નું પણ મોત થયું છે.

ઘટનાની જાણ થતા કાકણપુર પોલીસ તેમજ ૧૦૮ ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને ઈજાગ્રસ્તોને ૧૦૮ની મદદથી ગોધરા સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે મોકલવામાં આવ્યા હતા.

## અમદાવાદના અસારવા રેલ્વે યાર્ડ નજીક દીવાલ ધરાશાયી થતાં ત્રણ લોકોના મોત

અમદાવાદ,

અમદાવાદમાં દીવાલ ધરાશાયી થતાં ત્રણના મોત થયા છે. અસારવા રેલ્વે યાર્ડ નજીક આ ઘટના બની છે. જૂની દીવાલ ધરાશાયી થતાં ત્રણના મોત થયેલા છે. આ ઉપરાંત બીજા કેટલાક લોકો ઘાયલ છે. બચાવ ટુકડીઓને આશંકા હતી કે કેટલાક રહેવાસીઓ હજુ પણ બિલ્ડિંગના કાટમાળ નીચે ફસાયેલા છે, ફાયર બ્રિગેડ અને પોલીસકર્મીઓ બચી ગયેલા લોકોની શોધમાં કાટમાળમાંથી બહાર કાઢવામાં રોકાયેલા હતા.

"અકસ્માત સમયે, લગભગ ૧૩-૧૪ લોકો બિલ્ડિંગની અંદર હતા. ફાયર બ્રિગેડ અને પોલીસની ટીમોએ કાટમાળ નીચેથી ૧૧ લોકોને બહાર કાઢ્યા હતા જેમાંથી ત્રણને હોસ્પિટલમાં લાવવામાં આવતા મૃત જાહેર કરવામાં આવ્યા હતા. ઘાયલોની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. અમને ડર છે કે બાકીના લોકો હજુ પણ કાટમાળ નીચે ફસાયેલા છે, એમ ફાયરબ્રિગેડના અધિકારીએ જણાવ્યું હતું.

## સુરતના ચાર ભેજાબાજોએ વેપારીને ફસાવવા રચ્યો કારસો

### બનાવટી નોટિસ આપી હતી : મુંબઈ ક્રાઈમ બ્રાંચના નામે ખંખેર્યા ૨૩ લાખ

સુરત

સુરતના ચાર ભેજાબાજોએ ટૂંકા રસ્તે રૂપિયા કમાવા માટે મોટો કારસો રચ્યો હતો. જેના માટે વેપારીને ફોન કરીને કહ્યું કે, મુંબઈ એરપોર્ટ પર કસ્ટમ વિભાગે પાર્સલમાંથી એમડી સામાન સીઝ કર્યું છે. મુંબઈ ક્રાઈમબ્રાંચના નામે ટોળકીએ ભટારના વેપારી દક્ષેશ પારેખ પાસેથી ૨૩.૩૦ લાખ પડાવ્યા હતા. આ ગુનામાં સાયબર ક્રાઈમે મોટા વરાછામાંથી કુરીયર પેકિંગનું કામ કરનાર સહિત ચારને ઝડપી પાડી આગળની કાર્યવાહી હાથ ધરી છે. ભેજાબાજોએ વોટસએપ કોલ થકી વેપારીને ફોન કર્યો હતો. જેમાં કહ્યું કે, કુરિયર કંપનીમાં ગેરકાયદેસર વસ્તુઓ આપના પાર્સલમાંથી મળી છે.મુંબઈ એરપોર્ટ ઉપર પાંચ પાસપોર્ટ, ચાર ક્રેડિટ કાર્ડ, એક લેપટોપ, ૨૦૦ ગ્રામ એમડી, એક સાડી અને ચાર કિલો કપડાં કસ્ટમ વિભાગે સીઝ કર્યા છે. ફરીથી વોટસઅપ કોલ કરી ડીસીપી બાલસિંગ રાજપુતની ઓળખ આપી હતી. સાથે જ વેપારીનું આઈ પી એડ્રેસ અને ટ્રાન્ઝેક્શન આઈડી ચેક કરવા મોટું ટ્રાન્જેક્શન કરવા જણાવ્યું હતું. જેથી વેપારીએ ગભરાઈ જઈ આઈસીઆઈસીઆઈ બેન્કમાંથી આરોપીના પંજાબ નેશનલ બેંકમાં ૨૩ લાખ ૩૦ હજાર આરટીજીએસ મારફતે ટ્રાન્સફર કર્યા હતા, આરોપીઓ નેવિલ ઉર્ફે બિટ્ટુ મહેશ હેડાઉ, મહેશ પ્રવિણ સંધ્યા, ધ્રુવ પરસોતમ વેકરીયા, પાર્થ ધીરજલાલ જોધાણીએ ફરિયાદીને મુંબઈ પોલીસ કમિશનરની ખોટી સહી સિક્કા વાળા બનાવટી દસ્તાવેજો પણ મોકલ્યા હતા. સીબીઆઈના નામે કન્સેન્ટ ટુ ટર્મ્સ ઓફ કોનફિડેન્શિયલ એગ્રીમેન્ટ નામની બનાવટી નોટિસ પણ આપી હતી. વેપારીને ડીસીપી સાયબરના ઈન્ચાર્જ અને સીબીઆઈના ઈન્વેસ્ટિંગ યુનિટ તરીકે બાલસિંગ રાજપુતના નામની નોટિસ મોકલી હતી. પકડાયેલા આરોપીએ સાથે કેટલા લોકો જોડાયેલા છે અને કઈ રીતે ડોક્યુમેન્ટ બનાવતા હતા.

## બેંક સાથે ઠગાઈ કેસમાં પૂર્વ સિનિયર મેનેજરને ૭ વર્ષની કેદ : ૧૫ કરોડનો દંડ

અમદાવાદ,

શહેરના વસ્ત્રાપુરમાં આવેલી ઈન્ડિયન ઓવરસીઝ બેંક સાથે વર્ષ ૨૦૦૨માં વિશ્વાસઘાત, ઠગાઈ અને ભ્રષ્ટાચાર કેસમાં સ્પે. સીબીઆઈ કોર્ટે ભૂતપૂર્વ સિનિયર મેનેજર પ્રીતિબહેન સાહીજવાણીને સાત વર્ષની સખત કેદની સજા અને રૂપિયા ૧૫ કરોડનો આકરો દંડ ફટકાર્યો છે. આ સાથે જ સીબીઆઈ સ્પેશિયલ જજે ચુકાદામાં નોંધ્યું હતું કે, આરોપી ભૂતપૂર્વ સિનિયર મેનેજર દ્વારા દંડની જે રકમ ભરપાઈ કરવામાં આવે તે પૈકી રૂપિયા ૧૫ કરોડ ઈન્ડિયન ઓવરસીઝ બેંકને વળતર તરીકે ચૂકવી આપવાના રહેશે.નોંધનીય છે કે, આરોપી મેનેજર વિદેશ ભાગી ગઈ હતી, તેને પ્રત્યાર્પણ પ્રક્રિયાથી ભારત લવાઈ હતી.

વસ્ત્રાપુરની ઈન્ડિયન ઓવરસીઝ બેંકના પૂર્વ સિનિયર મેનેજર પ્રીતિબેન સાહીજવાણીએ વર્ષ ૨૦૦૦માં બેંકના ગ્રાહક દક્ષા અને નરેન્દ્ર પટેલની એફ.સી.એન.આર. ડિપોઝીટ્સની રકમો અલગ-અલગ તારીખે પ્રિમેચ્યોર વીથ ડ્રો કરી હતી.

## ક્રિકેટનો ઓનલાઈન સટ્ટો રમતા ૫૦થી વધુની પોલીસે કરી ધરપકડ

અમદાવાદ,

આઈપીએલ ૨૦૨૪ની સાથે-સાથે સટ્ટાએ પણ વેગ પકડ્યો છે. આઈપીએલની મેચ પર મોબાઈલ એપ્લિકેશન પરથી સટ્ટો રમતા ૫૦થી વધુ લોકોની પોલીસે ધરપકડ કરી છે. આમાનું કોઈનું પણ બૂકી સાથે જોડાણ ન હતું. તેઓ મોબાઈલમાં મેચ જોવા સાથે-સાથે એપ્લિકેશનથી સટ્ટો રમી રહ્યા હતા.

પોલીસના જણાવ્યા મુજબ આ રીતે ઓનલાઈન એપ્લિકેશનથી સટ્ટો રમાડતી અસંખ્ય એપનો રાફડો ફાટ્યો છે. મોબાઈલ ફોનમાં મેચ જોતી દરેક વ્યક્તિને સ્ક્રીન પર નીચેના ભાગમાં એક ડિજિટલ એડ દેખાય છે. આ કંઈ જાહેરખબર હોતી નથી, પરંતુ મેચ પર સટ્ટો રમવા માટેની એપ્લિકેશન હોય છે. તેના પર ક્લિક કરવાથી તમારા ફોનમાં ક વોટ્સએપ નંબર આવે છે. તે નંબર પરતી યુઝર આઈડી અને પાસવર્ડ જનરેટ કરવાનો મેસેજ આવે છે. તેની સાથે સામેવાળો બેક્નની વિગત અને જુદાજુદા યુઝર આઈડી અને પાસવર્ડ મોકલે છે. તેના ખાતામાં રૂપિયા જમા કરાવતા જ તમારું એકાઉન્ટ જનરેટ થઈ જાય છે.

પોલીસના જણાવ્યા અનુસાર રાજ્યના ચાર બુકી દીપક ડીસા, મહાદેવ, હર્ષિલ જૈન અને અમિત મજીઠિયા મોસ્ટ વોન્ટેડ છે. તે ચારેય દુબઈમાં છે. તેઓ ત્યાંથી દેશદુનિયામાં આઈપીએલ પર ઓનલાઈન એપ્લિકેશનથી સટ્ટો રમાડી રહ્યા છે. ક્રિકેટ મેચ પર સટ્ટાની કુલ એપમાંથી ૮૦થી ૯૦ ટકા એપ આ ચારની છે.

ક્રિકેટ મેચ પર સટ્ટો રમતા લાખો લોકો માટે હજારો એપ છે. તેમાથી ઘણી એપ ડમી પણ છે. તેમા પૈસા ભરવાથી પૈસા પાછા મળતા નથી.

## ધોળકાની મહિલાની નજર સામે પુત્રવધૂનાં માથા ઉપરથી ડમ્પરનું વ્હીલ ફરી વળ્યું

સુરેન્દ્રનગર,

સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ અને ધ્રાંગધ્રા તાલુકા પોલીસ મથકે અકસ્માતમાં મોતની ફરિયાદ નોંધાઈ છે. જેમાં વઢવાણમાં ધોળકાની મહિલાની નજર સામે જ પુત્રવધુનાં માથા પરથી ડમ્પરનું વ્હીલ ફરી વળતા મોત થયુ હતુ.

ધોળકાના મીરકુવા વિસ્તારમાં રહેતા રોશનબેન મહમદ હનીફભાઈ મલેકના ભાઈ સુરેન્દ્રનગરની નુરે મહમદી સોસાયટીમાં રહે છે. તા. ૧૨મી એપ્રીલે તેમના ભાઈ ઈનાયતભાઈના ઘરે નવા મકાનનું વાસ્તુ હોઈ રોશનબેનનો પરીવાર સુરેન્દ્રનગર આવ્યો હતો. બપોરે જમ્યા બાદ રોશનબેન અને તેમના દિકરાની વહુ રૂકસારબાનુ સ્કુટી લઈને વઢવાણ ખરીદી કરવા ગયા હતા. જયાંથી સાંજે પરત ફરતા હતા. ત્યારે વઢવાણના બારી રોડ પર પાછળથી આવતા એક ડમ્પરના ચાલકે સ્કુટી પાસેથી ડમ્પર ચલાવી કાવુ મારતા બન્ને મહિલાઓ સ્કુટી સાથે નીચે પટકાઈ હતી. જેમાં ડમ્પરનું પાછળનું ટાયર રૂકસારબાનુના માથા પરથી ફરી વળતા માથુ છુંદાઈ ગયુ હતુ. જેમાં રોશનબેનને પણ ઈજા થતા ૧૦૮ દ્વારા દવાખાને લઈ જવાયા હતા.

## પીડિતા સાથે રેપનો વીડિયો આરોપીઓને સોંપી શકાય નહીં : ગુજરાત હાઈકોર્ટ

અમદાવાદ,

કાયદાની એક અત્યંત મહત્ત્વપૂર્ણ બાબતને સ્પષ્ટ કરતાં હાઈકોર્ટે એવો આદેશ કર્યો છે કે, પીડિતા સાથે રેપ દરમિયાન બનાવેલા વીડિયોની DVD આરોપીઓને સોંપી શકાય નહીં. આ સ્પષ્ટતા કરવાની સાથે હાઈકોર્ટે નીચલી કોર્ટનો એ આદેશ પણ ફગાવી દીધો હતો, જેમાં કોર્ટે ડીવીડીની પાંચ નકલ બનાવી આરોપીઓને આપવાનો હુકમ કર્યો હતો. પ્રસ્તુત કેસમાં હાઈકોર્ટના જસ્ટિસ જે.સી.દોશીએ એવું અવલોકન કર્યું હતું કે, આ ઘટનામાં



ગુનો બન્યો એ વખતે પીડિતા સગીરવયની હતી અને નીચલી કોર્ટના આદેશ મુજબ એ સંપૂર્ણપણે સ્પષ્ટ થાય છે કે તેની ઓળખ છતી થઈ શકે છે.આવા તબક્કે કોર્ટે ડીવીડીની નકલ આરોપીઓને આપવી એવું વલણ અપનાવવા કરતાં આરોપીઓ અને તેના વકીલોને ચેમ્બરમાં ડોક્યુમેન્ટ્સની ચકાસણી કરી લેવાની તક આપવી જોઈએ. જો એકવાર પીડિતા સાથે બનેલી ઘટના જેમાં રેકોર્ડ છે એ ડીવીડી આરોપીઓને સોંપી દેવામાં આવે તો પીડિતાની ઓળખ છતી થવાનો ભય રહે છે અને તે ઘટના અનેક લોકો સુધી પહોંચી શકે છે.

હાઈકોર્ટે આદેશમાં નોંધ્યું હતું કે, નીચલી કોર્ટના આદેશથી સંબંધિત DVD નો દુરુપયોગ નકારી શકાય નહીં. આરોપીઓને આ પ્રકારના ડોક્યુમેન્ટ્સની ચકાસણી વકીલો અહીં સુધી કે ઈંઝ નિષ્ણાંતની હાજરીમાં કરવાનો અધિકાર છે, પરંતુ એનાથી વિશેષ અધિકાર નથી.

સૌરાષ્ટ્ર આસપાસ

## ઇન્ડી ગઠબંધનમા પીએમ કોણ?

૨૭ કરતા વધુ વિપક્ષો એક મંચ પર ભેગા થયા પરંતુ આજની તારીખે તેનામાં એકતા નો અભાવ છે. લોકસભાની ચૂંટણીને ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે આ મહાગઠબંધનમાં પીએમ નો ચહેરો કોણ બનશે તે નક્કી નથી. એકબીજાથી તદ્દન વિરોધી વિચારધારા ધરાવતા આ વિપક્ષોમાં અનેક મતભેદો છે આવું પહેલી વખત નથી થયું. ભૂતકાળમાં પણ જ્યારે જ્યારે ગઠબંધન સરકાર બની છે ત્યારે તેમાં દખા થયા છે

કેન્દ્રમાં પહેલી ગઠબંધન સરકાર જનતા પાર્ટીના નેતૃત્વમાં રચાઈ હતી, જેમાં મોરારજી દેસાઈને વડાપ્રધાન બનાવવામાં આવ્યા હતા. આ પછી ગઠબંધન સરકારો બનાવવાની પ્રક્રિયા શરૂ થઈ, તે આજે પણ ચાલુ છે. કેન્દ્રમાં અત્યાર સુધીમાં ઘણી વખત ગઠબંધન સરકાર બની છે. આ સમયે પણ કેન્દ્રની રાજકીય પરિસ્થિતિ એ જ વળાંક ઉપર આગળ વધી રહી છે. એનડીએની વર્તમાન સરકાર પણ એક પ્રકારે ગઠબંધન એટલે કે એલાયન્સ જ છે પરંતુ ભાજપ માટે એ માત્ર કહેવા ખાતરનું ગઠબંધન છે. ટેકાઓ ખસી જાય તો પણ સરકાર પડે નહિ એ સામર્થ્ય ભાજપ પાસે છે. હવે ઈન્ડિયા નામના નવા ગઠબંધનનો રાજકીય વ્યાયામ શરૂ થયો છે. જે લોકસભાની ચૂંટણીમાં નવા રંગ લઈ આવશે. આમ છતાં ભાજપ માટે ચોખ્ખી બહુમતી મેળવવી જરા પણ અશક્ય નથી

એક તરફ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ અને બીજી તરફ ભારતીય જનતા પાર્ટી પોતાના સાથી પક્ષોની સંખ્યા વધારવામાં વ્યસ્ત છે. કોંગ્રેસે કહ્યું છે કે ૨૮ પાર્ટીઓ તેની સાથે છે, જ્યારે ભાજપે ૩૮ પાર્ટીઓના સમર્થનનો દાવો કર્યો છે. આ દાવાઓના આંકડાઓ હજૂ ફરતા રહેવાના છે અને બન્ને પક્ષોને ફરતા કરવાના છે. કેન્દ્રમાં ગઠબંધન સરકારનો ઈતિહાસ જૂનો છે. તેની શરૂઆત ૧૯૭૭માં જનતા પાર્ટીની સરકારથી થઈ હતી, જેના વડાપ્રધાન મોરારજી દેસાઈ હતા. જનતા પાર્ટીમાં કુલ ૧૩ પાર્ટીઓ સામેલ હતી. આ પહેલી બિનકોંગ્રેસી સરકાર હતી. જો કે, પછી વિવિધ કારણોસર જનતા પાર્ટીની સરકાર પડી અને જનતા દળ (સેક્યુલર)ના ચૌધરી ચરણ સિંહ દેશના વડાપ્રધાન બન્યા. જો કે, તેઓ ૧૯૮૦ સુધી જ પદ પર રહી શક્યા. ચૌધરી ચરણસિંહની સરકાર લઘુમતીમાં હતી. તેને કોંગ્રેસનું સમર્થન હતું, પરંતુ જ્યારે લોકસભામાં વિશ્વાસનો મત માંગવાની વાત આવી ત્યારે કોંગ્રેસે તેનો ટેકો પાછો ખેંચી લીધો, જેના કારણે સરકાર પડી ગઈ.

# સુધારાવાદી મહારાજા શ્રીતખ્તસિંહજી

### ૫ જુલાઈ ૧૮૮૭ના રોજ પ્રજાને સ્વરાજયનો હક્ક આપવા સભા બોલાવી

### ૨૪ મે ના રોજ ૪૫૦ એકર જમીનમાં વિકટોરિયા પાર્ક બનાવવાની શરૂઆત થઈ

### ગરીબોને રાહતમાટે 'ગરીબખાનું' ખોલવામાં આવ્યું સૌરાષ્ટ્રમાં ભાવનગર રાજયની આ પહેલ હતી

**ભાવનગર ૩૦૦** - બળદેવસિંહ ગોહિલ

મહારાજા શ્રીતખ્તસિંહજીના શાસનકાળ સમયની તવારીખ

ઇ.સ.૧૮૮૫- ૨ જાન્યુઆરીના રોજ સમગ્ર સૌરાષ્ટ્રની સૌ પ્રથમ એવી શામળદાસ કોલેજનો વિધિવત રીતે માજીરાજબા કન્યા વિધાલયના મકાનમાં પ્રારંભ થયો. બાળકોના 'મુછાળી માં' તરીકે ઓળખાતા ગિજુભાઈ બધેકાનો ૧૫ નવેમ્બરે ચીતલ ખાતે જન્મ. ભાવનગર રાજયે રાજયના અધિકારીઓ અને કર્મચારીઓને પેન્શન આપવા અંગે ધારો ઘડ્યો. જુવાનસિંહજી દવાખાનું શરૂ કર્યું.

૧૮૮૬- ૧ એપ્રિલના રોજ દેવાણી ભાયાત કુટુંબમાં જોરાવરસિંહજી ગોહિલનો ભોજપરા ખાતે જન્મ થયો. ગૌરીશંકર ઉદયશંકર ઓઝાએ વેદશાળાની સ્થાપના કરી. ૧૧ જુલાઇના રોજ ગૌરીશંકર ઓઝાએ પ્રાચીન ભારતીય આર્યપરંપરા પ્રમાણે સ્વામી સચિદાનંદસરસ્વતી નામ ધરાણ કરી સન્યસ્ત સ્વીકાર્યું. ૧૭ ડિસેમ્બરના રોજ તૈયાર થયેલ શામળદાસ કોલેજના નવા મકાનના એક હોલનું ઉદઘાટન મુંબઈ ઇલાકાના ગવર્નર લોર્ડ રે ના હસ્તે થયું. સંપૂર્ણમકાન ૧૮૯૩માં રૂ. સાત લાખના ખર્ચે તૈયાર થયા પછીથી કોલેજ ત્યાં બેસવા લાગેલ. દક્ષિણ ભારતના મહાન ચિત્રકાર રવિવર્માને મહારાજા તખ્તસિંહજીએ ભાવનગર ખાતે આમંત્ર્યા. જેના કેટલાક ચિત્રો નીલમબાગ રાજમહેલમાં અને મંગળસિંહજી મહેલમાં રખાયા હતા.

૧૮૮૭- ૧૬ ફેબ્રુઆરીએ ૨૫ વિધવાઓને 'વિકટોરિયા જયુબિલી પેન્શન—જિવાઈ' જાહેર કરવામાં આવી. રાજકોટના વિકટોરિયા જયુબિલી મ્યુઝિયમ માટે મહારાજા તખ્તસિંહજી દ્વારા રૂ. ૨૫,૦૦૦નું દાન આપવામાં આવ્યું. ભાવનગર શહેરના લોકોને ઘરઆંગણે સ્વચ્છ પાણી મળી રહે તે માટે 'વિકટોરિયા જયુબિલી વોટર વર્કસ'ની સ્થાપના કરવામાં આવી. ૫ જુલાઇના રોજ પ્રજાને સ્વરાજયનો હક્ક આપવા સભા બોલાવી.

૧૮૮૮- જાન્યુઆરીથી જૂનના એક સત્ર દરમિયાન શામળદાસ કોલેજમાં ગાંધીજીએ અભ્યાસ કર્યો. શામળદાસ કોલેજના દીવાન બહાદુર ક્રુષ્ણલાલ મોહનલાલ ઝવેરી, વૃજલાલ બારૈયા, હરશંકર દવે, જહાંગીર સોરાબજી ગંભીર, કે.ખુશરો એન્ટી અને નાનચંદ દોશી એમ કુલ ૬ વિધાર્થીઓની પહેલી બેચે બી.એ.ની પરીક્ષા આપી. તમામ પાસ થયા, તેમાથી દીવાન બહાદુર ક્રુષ્ણલાલ મોહનલાલ ઝવેરી પ્રથમવર્ગમાં પાસ થયા અને 'ગૌરીશંકર ઓઝા સુવર્ણ ચંદ્રક' મેળવ્યો. કવિ દલપતરામની ભાવનગરની ત્રીજી અને છેલ્લી મુલાકાત. ૨૪ મે ના રોજ ૪૫૦ એકર જમીનમાં વિકટોરિયા પાર્ક બનાવવાની શરૂઆત થઈ. કર્નલ નટના પત્નીએ પ્રથમ વૃક્ષ રોપ્યું. વહીવટ ચલાવવા માટે કાઉન્સિલની રચના કરવામાં આવી. કવિ દલપતરામે 'તખ્તવિલાસ'ની રચના કરી. રાજયના દરેક ખાતાના મુખ્ય જવાબદાર અધિકારીની જગ્યા ઉપર આધુનિક અંગ્રેજી શિક્ષણ મેળવેલા વ્યક્તિઓની નિમણૂક અંગેનો નિર્ણય લેવાયો.

૧૮૮૯- ગરીબોને રાહતમાટે 'ગરીબખાનું' ખોલવામાં આવ્યું. સૌરાષ્ટ્રમાં ભાવનગર રાજયની આ પહેલ હતી. જે.બી. પીલ જે રાજકોટ ખાતેના માજી પોલિટિકલ એજન્ટ અને મહારાજા તખ્તસિંહજીના ખાસ મિત્રની સ્મૃતિમાટે 'પબ્લિકગાર્ડન'નું નામ ૨૩ જાન્યુઆરીએ 'પિલગાર્ડન' એવું નામાભિધાન કરવામાં આવ્યું હતું. આજે તેનું નામ સરદાર વલ્લભભાઈ પટેલ 'સરદાર બાગ' છે. ૧ ઓગસ્ટના રોજ માજીરાજબા કન્યા શાળા શરૂ કરવામાં આવી. સણોસરાથી રાજુલા પાસેના કથીવદર બંદર સુધીની ૫૯ માઇલની સડકનું નામ મુંબઈ ઇલાકાના ગવર્નર લોર્ડ રે ના નામ સાથે જોડીને તે રોડનું નામ 'રે રોડ' નામાભિધાન કરવામાં આવ્યું.

૧૮૯૦- ઈંગ્લેન્ડના રાણી વિકટોરીયાના પૌત્ર પ્રિન્સ આલ્બર્ટ વિકટર તખ્તસિંહજીના આમંત્રણથી ભાવનગર રાજયની મુલાકાતે આવ્યા. ૧૦ માર્ચના રોજ પ્રિન્સ આલ્બર્ટ વિકટરે શ્રીસચ્ચિદાનંદ સરસ્વતી (ગગા ઓઝા)ની મુલાકાત લીધી. ૨૬માર્ચના રોજ રાજુલા પાસેના પીપાવાવ ગામે ખાડીના સ્થળે 'પ્રિન્સ આલ્બર્ટ વિકટર પોર્ટ'નું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. શહેરમાં નવાપરા વિસ્તારમાં પારસીઓની અગિયારી 'અગ્નિ મંદિર'નું નિર્માણ થયું.

૧૮૯૧- ભાવસિંહજી બીજાના પ્રથમ લગ્ન દેવગઢ બારીયાના કુંવરી દેવકુંવરબા સાથે થયા. ભાવનગર ખાતે આર્યસમાજની સ્થાપના થઈ. ૧૪ નવેમ્બરે બાળ શિક્ષણના મહર્ષિ શ્રી હરભાઈ ત્રિવેદીનો વરતેજ ખાતે જન્મ. ૪૭ વર્ષ સુધી ક્લાર્કથી રાજયના મુખ્ય દીવાન સુધીના અનેક હોદ્દાઓ પર રહી સેવા બજાવનાર શ્રી ગૌરીશંકર ઉદયશંકર ઓઝા સં. ૧૯૪૮ માગશર સુદ ૧ ને મંગળવાર તા ૧ ડિસેમ્બરના દિવસે ૮૬ વર્ષની ઉંમરે બ્રહ્મતત્વમાં લીન થયા.

૧૮૯૨-લોર્ડ હેરિસ બ્રિટિશ અધિકારીના વરદ હસ્તે 'સર તખ્તસિંહજી હોસ્પિટલ'નો શુભારંભ કરવામાં આવ્યો. તેના સૌપ્રથમ ડોક્ટર બરજોરજી મુખ્ય ડોક્ટર તરીકે નિમાયા. સાથે પ્લાન એવો બનાવ્યો કે કોઈ પ્રકારની તોડફોડ કર્યા વગર ભવિષ્યમાં જરૂરિયાત પ્રમાણે વધારાનું નવું બાંધકામ કરી જરૂરિયાત પૂરી કરી શકાય. સ્વામી વિવેકાનંદજી ગુજરાત પરિભ્રમણ દરમિયાન ભાવનગરની મુલાકાતે આવ્યા હતા.

૧૮૯૩- ભાવનગર શહેરની મધ્યમાં આવેલ તાડીકાનીધાર તરીકે ઓળખાતી ટેકરી પર સફેદ આરસ પહાણમાં તખ્તેશ્વર મહાદેવનુ ભવ્ય મંદિરનુ નિર્માણ સોનાના થાળ, નાગ, તથા રૂપાના કમાડ સાથે તૈયાર કરાવ્યુ. ઈંગ્લેન્ડના રાણી વિકટોરિયા દ્વારા મહારાજા તખ્તસિંહજીને ઈંગ્લેન્ડ મુલાકાત માટે આમંત્રણ મળતા તખ્તસિંહજી ઈંગ્લેન્ડના પ્રવાસે ગયા. ઈંગ્લેંડની વિશ્વપ્રસિદ્ધ કેમ્બ્રિજ યુનિવર્સિટી દ્વારા તખ્તસિંહજીને ল.ड़ (ડોક્ટર ઓફ લોઝ)ની માનદ પદવી એનાયત કરવામાં આવી.

૧૮૯૬- મહારાજા તખ્તસિંહજીનું હદય એકા એક બંધ પડી જવાથી માત્ર ૩૮ વર્ષની નાની વયે અવસાન થયું. તખ્તસિંહજી ગાદીનશીન થયા ત્યારે ખજાનામાં રૂપિયા ૫૧,૮૬,૪૨૨ થી તિજોરી ભરેલ હતી. તેમણે સુંદર નમુનેદાર વહીવટ કરી રાજયની આવક અને સમૃદ્ધિ વધારી હતી. વધેલી આવકથી પ્રજાહિતના અનેક કાર્યો કર્યા અને ઉદાર હાથે દાન ધર્મથી રાજવી એ જીવન જીવી બતાવ્યુ હતું. તેમને સ્થાપત્યનો શોખ હોવાથી અનેક જૂના મંદિરોનો જીર્ણોદ્ધાર, નવા મંદિરોનું નિર્માણ કર્યુ. બીજા અનેક મકાનો નિર્માણ કરી ભાવનગરની શોભા અને સંસ્કારિતાને ઉચ્ચ સ્તરે પહોચાડી હતી. તેઓ સ્વર્ગસ્થ થયા ત્યારે માત્ર એક્તાલીશ રૂપિયા અને સાચા મોતીની માળા એટલુજ સિલકમાં હતું.

જાણવા જેવી હકીકતો.....

ગંગાજળિયા તળાવના પશ્ચિમ કિનારે દરબારી કોઠાર રોડ બાજુ વોટસનઘાટ (વોશિંગઘાટ) આવેલ છે. આ ઘાટ મહારાજા તખ્તસિંહજીએ તેમના મિત્ર વોટસનની યાદગીરીમાં સ્ત્રીઓને નહાવા ધોવા માટે તૈયાર કરાયો હતો. પાદરદેવકીથી આગળ જતાં બાપજી ઠાકોરનો ડેલો આવેલો છે. બાપજી ઠાકોર મહારાજા તખ્તસિંહજીના મામા હતા એમ વડીલો જણાવે છે. નવા વડવા વિસ્તારમાં બોડિયા મહાદેવનો ખાચો છે ત્યાં બોડેશ્વર મહાદેવનું મંદિર મહારાજા તખ્તસિંહજીએ બંધાવ્યું હતું. જે દેવજી ભગતની ધર્મશાળાની બાજુમાં જાડેજા ફળી તરીકે ઓળખાતો વિસ્તારમાં આવેલ છે. આ જાડેજાઓ વડવાના જાડેજાઓ નહીં પરંતુ નવાનગર (જામનગર)ના ભાયાત વાણિયાગામના વતની છે. માધવસિંહજી જાડેજા મહારાજા તખ્તસિંહજીના સમયે વજીર હતા. ત્યારથી તેમના પરિવારના અનેક લોકો રાજયની જુદી જુદી નોકરીમાં જોડાયા હતા. આ વિસ્તારમાં એ જાડેજા કુટુંબના જ મકાનો હતા. આજે આ પરિવારના શહેરના અન્ય વિસ્તારમાં વસવાટ કરી રહયા છે. નારેશ્વર મંદિરથી દાણાપીઠ બાજુનો વિસ્તાર અંબાજીના વડને નામે પ્રખ્યાત છે. આ જગ્યાએ મોટા અંબાજી માતાજીનું મંદિર આવેલુ છે. આ મંદિરમાં અંબાજીની જુદી જુદી ત્રણ મૂર્તિઓ છે. તે પૈકીની લાલ મૂર્તિ મંદિર પરિસરમાં વડ છે તેના થડમાંથી પ્રગટ થઈ હોવાની લોક વાયકા છે. તેથી જ તે વડવાળા અંબાજી તરીકે ઓળખાય છે. બીજી મૂર્તિ કારીગરો મુંબઈ લઇજવા નીકળ્યા હતા મુર્તિ અહીં આવતા ગાડામાંથી નીચે સરી પડી. અનેક પ્રયાસો છતાં તે ઊચકી શકાયેલ નહિં જે મંદિરમાં પધરાવી હોવાનું કહેવાયા છે. શાસ્ત્ર કથન પ્રમાણે બે મૂર્તિઓ રખાય નહિ તેથી ત્રીજી મુર્તિ પણ સાથે પધરાવી હોવાનું જાણી શકાયુ છે. આ મંદિર મહારાજા તખ્તસિંહજીએ સંવત ૧૯૪૧માં મહારાજા જસવંતસિંહજીના ખેરાળીવાળા રાણી અમજીબાના સ્મરણાર્થે બંધાવ્યું હોવાનું લોક મુખે સાંભળવા મળ્યું છે. જશોનાથ મહાદેવ મંદિરના પાછળ એક વાડીમાં બારસેહ મહાદેવ આવેલ છે. આ મહાદેવની સ્થાપના મહારાજા તખ્તસિંહજીના રાણી હરીબા વઢવાણવાળાએ કરાવેલ છે તેમ કહેવાય છે.

## કેવું જશે આપનું આવતું અઠવાડિયું



**મેષ - (અ, લ, ઈ) :-** મનની શાંતિને નષ્ટ થવાથી બચાવતી વખતે, શક્ય તેટલું વ્યસ્ત રહેવાનો પ્રયાસ કરો. મારા આર્થિક નિર્ણયોમાં સુધારો, આ અઠવાડિયે તમારા જીવનમાં સકારાત્મક અસર કરી શકે છે અને તે તમને ભૂતકાળના દરેક નુકસાનમાંથી બહાર આવવામાં પણ મદદ કરશે. તેથી ફરી એકવાર વસ્તુઓ પાટા પર પાછા આવવાનું શરૂ થશે. સામાન્ય કરતાં આ અઠવાડિયું તમારા પારિવારિક જીવન માટે વધુ અનુકૂળ રહેશે. કારણ કે અઠવાડિયાની શરૂઆત પારિવારિક જીવન માટે ઘણી સારી રહેશે અને આ સમય દરમિયાન પરિવારના સભ્યો વચ્ચે વધુ સારી રીતે તાલમેલ રહેશે. પરિણામે, તમે દરેક ઘરેલુ કાર્યમાં, બેપરવાઈથી ભાગ લઈ શકશો અને પારિવારિક સપોર્ટને કારણે સફળતા પ્રાપ્ત કરી શકશો. પ્રેમ કુંડળી મુજબ આ રાશિ તમારી રાશિના લોકો માટે ખૂબ મહત્વનો સાબિત થશે. કારણ કે તમારી લવ લાઈફમાં કેટલીક સારી ક્ષણો આવશે અને તમે તમારી પ્રેમિકા સાથે સારી જિંદગી પસાર કરી શકશો. આ રાશિના મૂળ લોકોને આ અઠવાડિયામાં પોતાને માટે પુષ્કળ સમય મળશે. પરંતુ તમે તેનો ઉપયોગ કરવાને બદલે તેનો વ્યય કરી શકો છો. તેથી તમે તમારા કેટલાક કાર્યોને પહોંચી વળવા માટે આ સમયનો ઉપયોગ કરી શકો છો.

**વૃષભ - (બ, વ, ઉ)** ફક્ત તમારી લાગણીઓને બીજાને બતાવવાનું ટાળો તમારી રાશિના લોકોએ આ અઠવાડિયામાં પૈસા સંબંધિત કોઈપણ જોખમ લેવાનું ટાળવું જોઈએ. કારણ કે આની જેમ, આ સમય દરમિયાન, ઘણી જગ્યાએથી અચાનક પૈસા મળવાની સંભાવના છે. પરંતુ તમે આ સમયે પૈસાનો ઉપયોગ કરો તે પહેલાં, તમારે દરેક પરિસ્થિતિ માટે તમારી જાતને સારી રીતે તૈયાર કરવાની જરૂર રહેશે. આ અઠવાડિયે પરિવારમાં તમને તમારા ભાઈ-બહેનોનો સહયોગ મળશે નહી. આ તમને ઘણા મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં નોંધપાત્ર મુશ્કેલી ઊભી કરી શકે છે. આવી સ્થિતિમાં, તેમના માટે તમારા સંબંધને સુધારવા માટે સતત પ્રયત્નો કરતા રહેવું વધુ સારું રહેશે. આ અઠવાડિયામાં તમે તમારો સમય, શક્તિ અને પૈસા એકતરફી પ્રેમ સંબંધમાં બગાડી શકો છો. આ હોવા છતાં, તમને તમારા અનુસાર ફળ મળશે નહી. આવી સ્થિતિમાં, સામેની વ્યક્તિની લાગણીઓને સમજ્યા વિના, તમારી લાગણીઓને કાબૂમાં રાખ્યા વિના, આ સમયે તમારા માટે સારું રહેશે. આ સમય ખૂબ સારો સાબિત થશે કારણ કે આ સમય દરમિયાન, તમે કેટલાક નવા ઉત્પાદનો શરૂ કરી શકો છો. આ સાથે, તમે આ અઠવાડિયે કેટલાક નવા જોખમો લઈને તમે નિરાશ નહી થશો, જે તમને આ સમયમાં ચોક્કસપણે લાભ કરશે. આ અઠવાડિયે તમારા લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટે, આ રાશિના દરેક વિદ્યાર્થીએ યોગ્ય રીતે આયોજિત રીતે આગળ વધવું પડશે.

**મિથુન-(ક,છ,ઘ):-** પૂર્વજોની સંપત્તિ, જમીન, સંપત્તિ, નીતિ, વગેરે જેવા તમારા પાછલા કોઈપણ રોકાણોને લીધે, આ અઠવાડિયે તમારી આવક વધશે. આવી સ્થિતિમાં, તમે સારી યોજનામાં ફરીથી તે નાણાંનું રોકાણ કરવાનું પણ નક્કી કરી શકો છો. શક્ય છે કે ઘરનો સભ્ય, જેના પર તમે અગાઉ વિશ્વાસ કરીને તમારા રહસ્યને શેર કર્યું હતું, તે આ અઠવાડિયે તમારી સાથે છેતરપિંડી કરી શકે અને તમારો મતદાન અન્ય લોકો માટે ખોલી શકે. તેથી, આવી કોઈ આશંકાને ટાળવા માટે, તમારા ઘરના અન્ય સભ્યોને તમારા રહસ્ય વિશે જણાવવાનું તમારા માટે સારું રહેશે. આ અઠવાડિયે તમારો સ્વભાવ આની જેમ ખુશ રહેશે, પરંતુ જો તમે તમારા પ્રિયજનો સાથે કેટલાક તફાવતો જોવા માંગતા ન હો, તો પણ ફરીથી ઉભરી આવવાની સંભાવના છે. આ સમય દરમ્યાન તમે જોશો કે તમે તમારા જીવનસાથીને તમારો દૃષ્ટિકોણ સમજાવવામાં સામાન્ય કરતાં થોડી વધારે મુશ્કેલી અનુભવો છો. આવી સ્થિતિમાં, આ સમય દરમિયાન તમારું નિયંત્રણ ગુમાવવું વિવાદને વધુ વધારી શકે છે. આ અઠવાડિયામાં તમારે ક્ષેત્રની કામગીરીની બાબતોને હલ કરવા માટે ખૂબ જ શરૂઆતથી તમારી બુદ્ધિ અને પ્રભાવનો ઉપયોગ કરવાની જરૂર છે.

**કર્ક - (ડ, હ) :-** સપ્તાહની શરૂઆતથી અંત સુધી, ઘણા ગ્રહો આગળ વધશે અને આ તે સમય હશે જ્યારે તમારું સ્વાસ્થ્ય સામાન્ય કરતા વધુ મજબૂત હોય અને તમે વિવિધ પ્રકારની શારીરિક સમસ્યાઓથી છૂટકારો મેળવી શકો. આ રાશિના વતનીઓનો આજે જીવંત સ્વભાવ છે. પરંતુ આ અઠવાડિયામાં, તમારે ફક્ત એક દિવસ ધ્યાનમાં રાખીને નિર્ણય લેવાની તમારી આદતને નિયંત્રિત કરવી પડશે. આવી સ્થિતિમાં, તમારા મનોરંજન માટે હવે વધારે સમય અને પૈસા ખર્ચવાનું ટાળવું તમારા માટે સારું રહેશે. નહિંતર, ભવિષ્યમાં આર્થિક સંકડામણને કારણે બેથી ચાર થઈ શકે છે. આ અઠવાડિયે, તમે તમારી કમ્ફર્ટની મજા માણવા માટે એટલા વ્યસ્ત રહેવા જશો, કે તમારે તમારા પરિવારની જરૂરિયાતો પૂરી કરવા માટે સમય નહીં મળે. જેના કારણે તમે કુટુંબિક વાતાવરણને તણાવપૂર્ણ બનાવી શકો છો, તેનાથી ગુસ્સે થઈ શકો છો. આ અઠવાડિયે તમારી પ્રેમિકા તમારી પાસેથી ઘણી અવાસ્તવિક માંગણીઓ કરી શકે છે.

**સિંહ - (મ, ટ) :-** આ અઠવાડિયામાં અટવાયેલી આર્થિક બાબતોમાં વધારો થઈ શકે છે, સાથે જ આ સમયમાં ઘણા પ્રકારનાં ખર્ચ તમારા મનમાં રહેશે. જે તમે ન માંગતા હોવ ત્યારે પણ અગવડતા લાવી શકે છે. આ કારણોસર તમે ઘણા પ્રકારનાં નિર્ણયો લેવામાં તમારી જાતને અસમર્થ જોશો. આવી સ્થિતિમાં, દરેક પરિસ્થિતિમાં તમારી જાતને શાંત રાખો અને ખર્ચને કાબૂ કરો. આ અઠવાડિયે આવી ઘણી પરિસ્થિતિઓ તમારી સામે ઊભી થશે, જ્યારે તમારું કુટુંબ અને તમારા મિત્રો તમારી સાથે આધારસ્તંભની જેમ ઊભા જોવા મળશે. કારણ કે આ સમય તમને જરૂરિયાત સમયે મિત્રો અને પરિવારનો ટેકો આપશે. આ અઠવાડિયે તમારા પ્રેમી તમારા અનુભવથી થોડી વધુ સારી સલાહ માંગશે, પરંતુ તમે તેમને સંતુષ્ટ કરવામાં નિષ્ફળ થશો. જેની નકારાત્મક અસર તમારા બંનેના અંગત પ્રેમ સંબંધ પર સ્પષ્ટ દેખાશે. આ અઠવાડિયે, તમારા મોબાઈલ પરની તમારી વેબસાઇટ, તમારા ફાજલ સમયમાં, તમારા ઉપરી અધિકારીઓ દ્વારા નાપસંદ થઈ શકે છે.

**કન્યા - (પ, ઠ, ણ) :-** આ અઠવાડિયે તમારું સ્વાસ્થ્ય સુધારશે. આને કારણે તમે આ રોગથી કાયમ છૂટકારો મેળવશો. આ અઠવાડિયે આર્થિક રૂપે, તમારા જીવનમાં ઘણા સુધારો થશે. જેના કારણે તમે સરળતાથી બાકી બિલ અને દેવાની ચુકવણી કરવામાં તમારી જાતને સરળતાથી શોધી શકશો. જો કે, આ સમય દરમિયાન, કોઈને પણ પૈસા આપવાનું ટાળો. આ અઠવાડિયે, તમે તમારી કમ્ફર્ટની મજા માણવા માટે એટલા વ્યસ્ત રહેવા જશો, કે તમારે તમારા પરિવારની જરૂરિયાતો પૂરી કરવા માટે સમય નહીં મળે. જેના કારણે તમે કુટુંબિક વાતાવરણને તણાવપૂર્ણ બનાવી શકો છો, તેનાથી ગુસ્સે થઈ શકો છો. તમે આ અઠવાડિયામાં સમજી શકો છો કે પ્રેમ એક અનન્ય લાગણી છે. લવમેટથી તમે નજીકનો અનુભવ કરશો અને તમે પણ તમારી લાગણીઓ તેમની સાથે શેર કરશો. બીજી બાજુ, આ રાશિના લોકો, જે હજી પણ એકલા હતા, તેઓ પણ તેમના જીવનમાં એક ખાસ પછાડી શકે છે. જો કે, આગળ વધતા પહેલા, આગળની વિશ્વસનીયતા જાણો. જો તમે ભૂતકાળમાં તમારી કારકિર્દીમાં થોડી નિરાશા અનુભવતા હો, તો પછી આ અઠવાડિયામાં વસ્તુઓ પાછો પ્રાપ્ત થવાની શરૂઆત થશે

**તુલા - (ર, ત) :-** સારા સ્વાસ્થ્ય તરફ પણ તમારા પ્રયત્નો રાખો. જેમણે અગાઉ કોઈપણ પ્રકારની લોન અથવા લોન લીધી હતી, તેઓને આ અઠવાડિયામાં લોનની રકમ ચુકવવામાં મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે. આ પાછળનું મુખ્ય કારણ તમારી સંપત્તિનો સંચય હોઈ શકે છે. તેથી, હવેથી તમારી સંપત્તિ એકઠા કરવાનો પ્રયાસ કરો. જો તમારા માતાપિતાના સ્વાસ્થ્યને અસર થઈ, તો પછી આ અઠવાડિયામાં સુધારો થવાની પ્રબળ સંભાવના છે. આને કારણે, આખા અઠવાડિયામાં તમારું પારિવારિક જીવન ખૂબ સારું રહેશે અને આ સમયગાળા દરમિયાન તમે વાહન અથવા સંપત્તિ ખરીદવાની યોજના બનાવી શકો છો. જો તમે તમારા પ્રેમી સાથે ડેટ પર જાવ છો, તો તે સમય દરમિયાન તમારે વધુ ફોનનો ઉપયોગ કરવાનું ટાળવું પડશે. નહિંતર, જીવનસાથીને ફક્ત ખરાબ લાગશે નહીં, પરંતુ તમારી અને આ વચ્ચે મોટો વિવાદ થવાની સંભાવના પણ છે. આવી સ્થિતિમાં, જ્યારે તમે કોઈ પ્રેમી સાથે હોવ, તો તમારા ફોનનો ઉપયોગ ન કરવો તે તમારા માટે સારું રહેશે. આ અઠવાડિયે ઘણા ઉદ્યોગપતિઓ તેમના વ્યવસાયને નવી દિશા આપવાનું વિચારી શકે છે. જો કે, અત્યારે વધારે જોખમ લેવું તમારા માટે હાનિકારક સાબિત થઈ શકે છે.

**વૃશ્ચિક - (ન, ય) :-** તમે પણ જાણો છો કે લોકો તમારી પાસેથી શું ઇચ્છે છે. પરંતુ આ હોવા છતાં, તમારે દરેક પર કચરો ખર્ચ કરવો પડશે નહીં, જો તમે નહીં ઇચ્છતા હોવ તો પણ, આ અઠવાડિયામાં તમારે તમારી ટેવ સુધારતી વખતે તમારા ખર્ચમાં વધારે વધારો કરવાનું ટાળવું પડશે. આ અઠવાડિયે, તમારી માતા કોઈ પણ લાંબી અને ગંભીર સ્વાસ્થ્ય સમસ્યાઓથી છૂટકારો મેળવશે. જેના કારણે તમે તેમની સાથે વધુ અને વધુ સમય પસાર કરવાની ઇચ્છાને જાગૃત કરી શકો છો. માતાપિતાનું સારું આરોગ્ય જોવા માટે, તમે કોઈ ધાર્મિક સ્થળની મુલાકાત લેવાની અથવા તમારા પરિવાર સાથે પિકનિક જવા માટે વિચાર કરી શકો છો. જો કે, આ સમય દરમિયાન પણ, તેના સ્વાસ્થ્ય વિશે સાવચેત રહો. આ રાશિના કેટલાક પ્રેમીઓ આ સમયગાળા દરમિયાન તેમના જીવનસાથી સાથે લગ્ન વિશે વાત કરતા, તેમની ઇચ્છાઓ સામે ખુલ્લી રાખતા જોશે. જો કે, લગ્ન કરવાનું નક્કી કરતા પહેલાં, તમારે કાળજીપૂર્વક વિચાર કરવો પડશે.

**ધન - (ભ, ધ, ફ, ઢ) :-** સકારાત્મક સમયનો લાભ લઈને તમારા નજીકના લોકો સાથે તાજી હવાનો આનંદ લો. આ અઠવાડિયામાં તમારે મૂર્ખ કાર્યોથી દૂર રહેવાની જરૂર રહેશે, અને પૈસાનો યોગ્ય ઉપયોગ કરવો પડશે. કારણ કે યોગ બનાવવામાં આવી રહ્યા છે કે જો તમે તમારા નજીકના કોઈની પાસેથી કોઈ પ્રકારની રકમની માંગ કરી હોત, તો તમને તેમાં સફળતા મળશે. તેથી સમજદારીથી રોકાણ કરો, અને પૈસાનો યોગ્ય ઉપયોગ કરો. આ સમયે તમે તમારા મિત્રો અને પરિવાર સાથે મનોરંજનનો સમય પસાર કરશો. આ સાથે, તમારું સંપૂર્ણ ઊર્જા અને જબરદસ્ત ઉત્સાહ તમારા કૌટુંબિક જીવનમાં ઘણાં સકારાત્મક પરિણામો લાવશે અને તમને ઘરેલું તણાવથી દૂર રાખવામાં સહાયક સાબિત થશે. આ અઠવાડિયે, તમારા પ્રેમી અને રોમાંસ તમારા મન અને હૃદય પર પ્રભુત્વ ધરાવશે. જેથી તમે કરો છો તે બધા કાર્યોમાં તમે તેમની ગેરહાજરીનો અનુભવ કરશો. આવી સ્થિતિમાં, તમારે ઓફિસથી ઝડપી રજા લેવી જોઈએ અને પ્રેમીને મળવાનું પણ નક્કી કરવું જોઈએ. આ રાશિના લોકો માટે આ સપ્તાહ તેમની કારકિર્દીમાં ખૂબ જ શુભ સાબિત થશે.

**મકર - (ખ, જ) :-** જો તમે કોઈ લાંબી સમસ્યાથી પીડાતા હો, તો પછી આ સમસ્યાને સંપૂર્ણ રીતે છુટકારો મેળવવા માટે આ સમય પણ કામ કરશે. આ અઠવાડિયે, તમારા મિત્રો અને કેટલાક નજીકના સગાસંબંધી તમને દરેક પગલા પર તમને સહાયતા કરતા, તમામ પ્રકારની આર્થિક મુશ્કેલીઓમાંથી છુટકારો મેળવવામાં મદદ કરશે. જેની સહાયથી તમે તમારી આર્થિક સ્થિતિ સુધારવામાં સમર્થ હશો, સાથે સાથે તમે તમારા કોઈપણ દેવાની ચૂકવણી પણ કરી શકશો. આ સપ્તાહ તમારા પારિવારિક જીવનમાં શાંતિ લાવશે. પરંતુ ઇચ્છ્યા વિના પણ, શક્ય છે કે તમે ઘરની કોઈ વસ્તુ તોડી નાખો અથવા તમે તેને ગુમાવશો, જેના કારણે ઘરના સભ્યો તમને રોષ આપી શકે છે. તેથી શરૂઆતમાં પણ, સાવચેતી તરીકે, એવું કંઈ ન કરો કે જેનાથી ઘરને નુકસાન થાય. અઠવાડિયાની શરૂઆત થોડી ધીમી રહેશે, પરંતુ અઠવાડિયાના મધ્યમાં તમે તમારી જાતને તમારા જીવનસાથીની ખૂબ નજીક જોશો. આ સમય દરમિયાન, તમારી વૈભવી ભાવના પણ ટોચ પર હશે, જેના વિશે તમે આ ઇચ્છા તમારા જીવનસાથીની સામે મૂકી શકશો.

**કુંભ- (ગ, શ, ષ, સ) :-** તમારા શરીરને ઇજા પહોંચાડવાનું ટાળો. રાજકોષીય અને નાણાકીય લાભ પ્રદાન કરવાના સંદર્ભમાં, આ અઠવાડિયા સામાન્ય કરતાં વધુ સારું રહેશે. કારણ કે આ સમયગાળા દરમિયાન ઘણી બધી તકોનો યોગ્ય ઉપયોગ કરવા માટે તમારી રાશિના વતનીઓને તેમના જીવનસાથીના કુટુંબ અથવા પિતૃ સંપત્તિથી અચાનક લાભ મળી શકે છે. આ સપ્તાહ પરિવાર માટે ખુશીઓથી ભરપૂર રહેશે. કારણ કે તમારા ઘરના ઘણા સભ્યો તમને ખુશી આપવાનો પ્રયત્ન કરશે. જેના કારણે તમે તેમના પ્રયત્નો જોશો, તમે પણ જાતે જ ઘરના વાતાવરણને અનુરૂપ થવાનો પ્રયત્ન કરતા જોશો. જો તમે અત્યાર સુધી એકલા હો, તો તમને આ અઠવાડિયામાં નવું જીવન શરૂ કરવાની સુવર્ણ તક મળશે. જો કે, પ્રેમ-મોહબ્બત ના કિસ્સામાં, વધુ ઉત્સાહિત ન થતાં તમારે ઉતાવળમાં કોઈ નિર્ણય લેવાનું ટાળવું જોઈએ. નહીં તો તમને પછીથી તકલીફ થઈ શકે છે. નાના ઉદ્યોગપતિઓને આ અઠવાડિયે ઇચ્છા મુજબ સરકારી ક્ષેત્ર અથવા કોઈ સરકારી અધિકારીનો યોગ્ય ટેકો નહીં મળે. આનાથી તેમને થોડું નુકસાન થઈ શકે છે.

**મીન-(દ, ચ, ઝ, થ) :-** આ સમય દરમિયાન, આરોગ્ય માટેનું તમારું સમર્પણ ઘણા રોગોથી છૂટકારો મેળવવા માટે અસરકારક રહેશે. આવી સ્થિતિમાં, યોગ અને કસરતને ઓછું ન થવા દો અને શક્ય તેટલા લીલા પાંદડાવાળા શાકભાજીનું સેવન કરો. આ અઠવાડિયે, જે લોકોની આર્થિક સ્થિતિ આવરી લેવામાં આવશે તે તમામ લોકોને તેમના સંબંધીઓનો ટેકો મળશે. કારણ કે જો તમને જરૂર હો ય તો નજીકના અથવા સંબંધીઓ તરફથી આર્થિક મદદ મળી શકશો, જે તમને દરેક વિરોધી પરિસ્થિતિનો સામનો કરવામાં સક્ષમ બનાવશે. તેથી, તમારા સંબંધીઓ અને મિત્રો સાથેના તમારા સંબંધોમાં સુધારો લાવો અને તે જ દિશામાં પ્રયાસ કરો. જો તમારા માતાપિતાના સ્વાસ્થ્યને અસર થઈ, તો પછી આ અઠવાડિયામાં સુધારો થવાની પ્રબળ સંભાવના છે. આને કારણે, આખા અઠવાડિયામાં તમારું પારિવારિક જીવન ખૂબ સારું રહેશે અને આ સમયગાળા દરમિયાન તમે વાહન અથવા સંપત્તિ ખરીદવાની યોજના બનાવી શકો છો. આ અઠવાડિયે તમારી લવ લાઇફના પરિપ્રેક્ષ્યમાં, તમને તમારા જીવનમાં શાંતિ મેળવવાની તક મળશે. બીજી તરફ, જો તમે હજી પણ કોઈ પ્રેમ પ્રણયથી દૂર જતા રહ્યા હોવ, તો આ સમય દરમિયાન તમે તમારી જાતને એક સારા વ્યક્તિ સાથે પ્રેમ સંબંધમાં બાંધવાનો પ્રયત્ન પણ કરશો. એટલે કે, તમે આ અઠવાડિયામાં કોઈ ખાસ વ્યક્તિને મળી શકો છો. આ અઠવાડિયે કાર્યસ્થળ પર કંઈક સકારાત્મક થઈ શકે છે, જ્યારે તમને ખ્યાલ આવે છે કે તમે જે ઓફિસમાં તમારો દુશ્મન માનશો તે ખરેખર તમારા શુભેચ્છક છે.

# લખનઉની ચોથી જીત:ચેન્નઈને ૮ વિકેટે હરાવ્યું

## કૃણાલે બે વિકેટ લીધી : કેએલ રાહુલ અને ડી કોકની અડધી સદી

ચેન્નાઈ,

લખનઉ સુપર જાયન્ટ્સએ ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૪માં ચોથી જીત હાંસલ કરી છે. ટીમે ચેન્નઈ સુપર કિંગ્સને પોતાના હોમ ગ્રાઉન્ડ પર ૮ વિકેટે હરાવ્યું હતું. વર્તમાન સિઝનમાં લખનઉની સતત બે હાર બાદ આ પ્રથમ જીત છે, જ્યારે ચેન્નઈ સતત બે મેચ જીત્યા બાદ હાર્યું છે.

લખનઉમાં યજમાન ટીમે ટૉસ જીતીને બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. પ્રથમ બેટિંગ કરતા ચેન્નઈએ ૨૦ ઓવરમાં ૬ વિકેટે ૧૭૬ રન બનાવ્યા હતા. લખનઉએ ૧૭૭ રનનો ટાર્ગેટ ૧૯ ઓવરમાં ૨ વિકેટ ગુમાવીને હાંસલ કર્યો હતો. નિકોલસ



પૂરન ૨૩ અને માર્કસ સ્ટોઇનિસ ૮ રન બનાવીને અણનમ રહ્યા હતા.

કેપ્ટન કેએલ રાહુલે ૫૩ બોલમાં ૮૨ રનની અડધી સદી ફટકારી હતી જ્યારે ક્વિન્ટન ડી કોકે ૫૪ રનનું યોગદાન આપ્યું હતું. બંને વચ્ચે ૧૩૪ રનની સદીની ભાગીદારી થઈ હતી. CSK તરફથી મુસ્તફિઝુર રહેમાનને એક વિકેટ મળી હતી.

CSK માટે રવીન્દ્ર જાડેજાએ ૪૦ બોલમાં ૫૭ રનની અણનમ અડધી સદી ફટકારી હતી. જ્યારે અજિંક્ય રહાણેએ ૩૬ રનનું યોગદાન આપ્યું હતું. પૂર્વ કેપ્ટન એમએસ ધોનીએ ૯ બોલમાં ૩ ચોગ્ગા અને ૨ છગ્ગાની મદદથી અણનમ ૨૮ રન બનાવ્યા હતા. કૃણાલ પંડ્યાને ૨ વિકેટ મળી હતી. મોહસીન ખાન, યશ ઠાકુર અને માર્કસ સ્ટોઈનિસને એક-એક વિકેટ મળી હતી.

# એક્શન-થ્રિલર ફિલ્મ ઉલજનું ટીઝર રિલીઝ થયું

મુંબઈ,

જાન્હવી કપૂરની આગામી ફિલ્મ ઉલજનું ટીઝર રિલીઝ કરવામાં આવ્યું છે. જાન્હવી કપૂરની આ ફિલ્મ સસ્પેંસ અને થ્રિલરથી ભરપુર હશે. જાન્હવી કપૂર આ ફિલ્મમાં એક યંગ ડિપ્લોમૈટની ભુમિકામાં જોવા મળશે. આ પ્રકારના રોલમાં અભિનેત્રી પહેલીવાર જોવા મળશે. ફિલ્મના નિર્દેશક સુધાંશુ સરિયા છે. ફિલ્મમાં ટીઝરમાં જાન્હવી કપૂરનો અંદાજ જોઈ ચાહકોમાં ઉત્સાહ છે. આ ફિલ્મનું ટીઝર જાન્હવી કપૂરે પણ તેના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર શેર કર્યું છે. જાન્હવી કપૂર ફિલ્મ ઉલજમાં ઈંડિયન ફોરેસ્ટ સર્વિસ ઓફિસરનું પાત્ર ભજવી રહી છે. આ ફિલ્મ દેશભક્તિ પર આધારિત છે. ફિલ્મમાં જાન્હવી કપૂર દેશ વિરુદ્ધ થતા ષડયંત્ર સામે લડતી જોવા મળશે. ઉલજ ફિલ્મનું ટીઝર સસ્પેંસ અને થ્રિલરથી ભરપુર છે. ટીઝરમાં જાન્હવી કપૂરનો દમદાર અંદાજ જોવા મળે છે. આ ફિલ્મમાં





પહેલીવાર જાન્હવી કપૂર એક્શન કરતી પણ જોવા મળશે. ઉલજ ફિલ્મમાં જાન્હવી કપૂર ઉપરાંત ગુલશન દેવૈયા, રોશન મૈથ્યૂ, રાજેશ તૈલંગ, મિયાંગ ચાંગ, સચિન ખેડેકર, રાજેંદ્ર ગુપ્તા અને જિતેંદ્ર જોશી પણ મહત્વની ભૂમિકામાં જોવા મળશે. આ ફિલ્મ ૫ જુલાઈએ સિનેમાઘરોમાં રિલીઝ થશે. આ ફિલ્મ ઉપરાંત જાન્હવી કપૂર મિસ્ટર એંડ મિસેજ માહી અને વરુણ ધવન સાથે સની સંસ્કારી કી તુલસી કુમારી ફિલ્મમાં પણ જોવા મળશે.

# મારી પત્નીને કશું થયુ તો આર્મી ચીફને નહીં છોડુ : જેલમાં બેઠા-બેઠા ઈમરાન ખાનની ધમકી

ઈસ્લામાબાદ,

પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાને ફરી એક વખત આર્મી ચીફ આસિમ મુનીર પર શાબ્દિક હુમલો કર્યો છે. હાલમાં જેલની હવા ખાઈ રહેલા ઈમરાન ખાને પાકિસ્તાનના સેના પ્રમુખને પોતાની પત્ની બુશરા બીબીને જેલમાં મોકલવા માટે જવાબદાર ઠેરવ્યા છે. ઈમરાન ખાનના પત્ની બુશરા બીબીને ભ્રષ્ટાચારના મામલાની સાથે સાથે ગેરકાયદે લગ્ન માટે પણ કોર્ટે દોષી



ઠેરવ્યા છે. હાલમાં બુશરાબીબી તેમના નિવાસ સ્થાનમાં નજર કેદ છે.

પાકિસ્તાનની તહેરીક એ ઈન્સાફ પાર્ટીના સ્થાપક અને પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાને અડિયાલા જેલમાં પત્રકારો સાથે વાતચીત કરી હતી. તેમણે કહ્યુ હતુ કે, 'મારી પત્નીને અપાયેલી સજામાં જનરલ મુનીરની સીધી સંડોવણી છે. બુશરાને દોષી જાહેર કરનાર ન્યાયાધીશને આ પ્રકારનો ચુકાદો આપવા માટે જનરલ મુનીરે મજબૂર કર્યા હતા. જો મારી પત્નીને કશું થયુ તો હું મુનીરને નહીં છોડું. હું જ્યાં સુધી જીવતો છુ ત્યાં સુધી મુનીરના પાછળ પડીશ. હું તેમના ગેરબંધારણીય અને ગેરકાયદે કૃત્યોનો પર્દાફાશ કરીશ.'

ઈમરાને આગળ કહ્યુ હતુ કે, 'દેશમાં જંગલ રાજ છે અને દેશના નિર્ણયો જંગલના રાજા દ્વારા લેવામાં આવી રહ્યા છે. મારી પાર્ટીને પેટા ચૂંટણી લડતા રોકવામાં આવી રહી છે. દેશની આર્થિક સ્થિતિ પર ટિપ્પણી કરતા તેમણે કહ્યુ હતુ કે, 'આઈએમએફ પાસે લોન લેવાથી પાકિસ્તાનની ઈકોનોમી સુધરવાની નથી. દેશને મૂડી રોકાણની જરૂર છે

# યુપીએસ સિવિલ સેવા ૨૦૨૩નું પરિણામ આવતા અભિનેતા ઈન્સપેક્ટર અભિજીત છવાઈ ગયા

## સોશિયલ મીડિયાથી, ગુગુલ સર્ચમાં ઈન્સપેક્ટર અભિજીત સર્ચ કરી લોકોએ શુભકામના પાઠવી

મુંબઈ,

યુપીએસી સિવિલ સેવા ૨૦૨૩નું પરિણામ આવી ચુક્યું છે. આ વખતે ગુજરાતના વિદ્યાર્થીઓએ પણ સારા એવા રેક્ર સાથે પરીક્ષા પાસ કરી છે. આ વખતે લખનૌના આદિત્ય શ્રીવાસ્તવે ટોપ કર્યું છે. તેનું નામ ટોપ લિસ્ટમાં આવ્યું તો લોકો તેને સર્ચ કરવા લાગ્યા અને સોશિયલ મીડિયા પર તેને શુભકામના પણ પાઠવવા લાગ્યા હતા. ગુગલ પર માત્ર આદિત્ય શ્રીવાસ્તવને સર્ચ કરવા લાગ્યા તો ગુગલ પર સીઆઈડી ટીવી શોના ઈન્સપેક્ટર અભિજીત છવાઇ ગયો છે. સોશિયલ મીડિયાથી લઈ ગુગુલ સર્ચમાં આદિત્ય શ્રીવાસ્તવના સ્થાને ઈન્સપેક્ટર અભિજીતને જલવો જોવા મળી રહ્યો છે. આની પાછળ એક રસપ્રદ કારણ પણ છે. સીઆઈડી ટીવી શોના ઈન્સપેક્ટર અભિજીતનું રિયલ લાઈફમાં નામ આદિત્ય શ્રીવાસ્તવ છે. તે ટીવી અને ફિલ્મ ઈન્ડસ્ટ્રીનો ચર્ચિત અભિનેતાછે. આદિત્ય શ્રીવાસ્તવને સર્ચ કરતા સૌથી પહેલા તેનું નામ વીકિપીડિયા પર જોવા મળી રહ્યો છે અને તેની સાથે જોડાયેલી કેટલીક લીંક પણ જોવા મળે છે. જ્યારે યુપીએસસી ટોપર આદિત્ય શ્રીવાસ્તવનું નામ સર્ચ કરવામાં આવ્યું તો પહેલા સીઆઈડીનો અભિનેતા જોવા મળી રહ્યો છે.કેટલાક લોકો તો એવું પણ માની રહ્યા છે કે, અભિનેતા યુપીએસસીનો ટોપર છે.

# શિલ્પા શેટ્ટી અને રાજ કુન્દ્રાની ૯૭ કરોડની સંપત્તિ જપ્ત : મની લોન્ડ્રિંગ કેસમાં ઈડીની કાર્યવાહી



મુંબઈ

બોલિવૂડ એક્ટ્રેસ શિલ્પા શેટ્ટી અને તેના પતિ રાજ કુન્દ્રા વિરુદ્ધ ઈડીએ મોટી કાર્યવાહી કરી છે. વાત જાણે એમ છે કે, ઈડી એટલે કે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટની મુંબઈ શાખાએ પીએમએલએ એક્ટ હેઠળ ફિલ્મ અભિનેત્રી શિલ્પા શેટ્ટી અને તેના પતિ રાજ કુન્દ્રાની ૯૭.૭૯ કરોડ રૂપિયાની સંપત્તિ જપ્ત કરી છે. ઈડીના સૂત્રોના જણાવ્યા અનુસાર જપ્ત કરાયેલી સંપત્તિમાં જુહુ સ્થિત એક બંગલો પણ સામેલ છે જે શિલ્પા શેટ્ટીના નામે છે. તેમજ પુણેમાં એક બંગલો પણ સામેલ છે. આ સિવાય ઈઢએ રાજ કુન્દ્રાના નામના કેટલાક શેર પણ જપ્ત કર્યા છે.

વાસ્તવમાં તપાસ એજન્સી ઈડીએ મહારાષ્ટ્રમાં નોંધાયેલી અલગ-અલગ એફઆઈઆરના આધારે પીએમએલએ એક્ટ હેઠળ તપાસ શરૂ કરી હતી. આરોપ એવો હતો કે મેસર્સ વેરિએબલ ટેક પ્રાઈવેટ લિમિટેડ, સ્વ.અમિત ભારદ્વાજ, અજય ભારદ્વાજ, વિવેક ભારદ્વાજ, સિમ્પી ભારદ્વાજ, મહેન્દ્ર ભારદ્વાજ અને અન્ય એમએલએ એજન્ટોએ ખોટા વચનોના આધારે રોકાણકારો પાસેથી આશરે રૂ. ૬૬૦૦ કરોડના બિટકોઈન મેળવ્યા હતા. વર્ષ ૨૦૧૭ જે ૧૦ ટકા વળતર દ્વારા પુનઃપ્રાપ્ત કરવાની ખાતરી આપવામાં આવી હતી અને બિટકોઈન માઈનિંગમાં અંગત હિતો માટે તેનો ઉપયોગ કર્યો.

# સદ્‌ગુરૂએ કોઈમ્બતુરમાં મત આપ્યો

## બધાને મતાધિકારનો ઉપયોગ કરવા વિનંતી કરી

કોઈમ્બતુર

સદ્‌ગુરુએ શુક્રવારે લોકસભાની ચૂંટણીના પહેલા તબક્કામાં તમિલનાડુના કોઈમ્બતુરમાં તેમનો મત આપ્યો. બે દિવસ પહેલા, સદ્‌ગુરુએ નોટાની (NOTA) વિરુદ્ધમાં ટ્વીટ કરીને લોકોને નોટા પસંદ કરીને તેમના અધિકારનો વ્યય ન કરવા કહ્યું હતું.

"૧૮ વર્ષથી વધુની વયના દરેક નાગરિકે આ સૌથી મૂળભૂત હક અને જવાબદારીનો ઉપયોગ કરવો જ જોઈએ, જેના થકી આવતા પાંચ વર્ષમાં દેશને આગળ કોણ લઈ જશે તે નક્કી કરવામાં આવે છે. લોકશાહીની પ્રક્રિયામાં રહેલી આ શક્તિને વ્યય ન જવા દો અને નોટા પસંદ કરીને ભારત અને ૧ અબજથી વધુ લોકોના ભવિષ્યના નિર્માણમાં સક્રિય રીતે ભાગ



લેવાની તમારી શક્તિનો વ્યય ન કરો. ચાલો આ કરી બતાવીએ, પ્રેમ અને આશીર્વાદ. - સદ્‌ગુરુ", તેમણે ટ્વીટ કરેલું.પહેલા, સદ્‌ગુરુએ ભારતીય રાજકારણમાં મહિલા આગેવાનો વિરુદ્ધ થઈ રહેલી લૈંગિક અને અભદ્ર ટિપ્પણીઓની ટીકા કરી હતી.

# આગામી ટી ૨૦ વર્લ્ડ કપ માટે કીપર-બેટ્સમેન તરીકે પંત બેસ્ટ:પોન્ટિંગ



નવીદિલ્હી,

દિલ્હી કેપિટલ્સના મુખ્ય કોચ રિકી પોન્ટિંગની આગામી ટી ૨૦ વર્લ્ડ કપ માટેની ભારતીય ટીમમાં, રિષભ પંતને "અઠવાડિયાના દરેક દિવસે" સામેલ કરવામાં આવશે, જોકે ચાલી રહેલા આઈપીએલમાં કેટલાક અવિશ્વસનીય પ્રદર્શન સાથે કેટલાક જાણીતા નામો છે. દાવા કરી રહ્યા છે. ડિસેમ્બર ૨૦૨૨માં થયેલા ભયાનક કાર અકસ્માત બાદ પંત ફરીથી રમી શકશે કે કેમ તે અંગે પોન્ટિંગને ખાતરી નહોતી. પરંતુ તેની નોંધપાત્ર લવચીકતાની પાછળ એક્શનમાં પાછા ફર્યા પછી તે જે રીતે પ્રભાવિત કરી રહ્યો છે તે જોતાં, ડીસી મુખ્ય કોચ ધાર પર છે. આઈપીએલના અંતે ન્યૂયોર્ક જવા માટે પ્લેનમાં કોણ ચઢવું તે અંગે કોઈ શંકા બાકી નથી.પોન્ટિંગ (ઋષભ પંત પર રિકી પોન્ટિંગ)એ ઈન્ટરવ્યુમાં કહ્યું, "શું હું માનું છું કે રિષભ વર્લ્ડ કપની ટીમમાં હોવો જોઈએ? હું ચોક્કસ માનું છું. તે આઈપીએલના અંત સુધી ડબ્લ્યુટી ૨૦ ટીમમાં રહેવાને લાયક છે.

# કલાયમેટ ચેઈન્જ અર્થતંત્રને ભાંગી નાખશે ૨૦૫૦ સુધીમાં ૩૯ ખરબ ડોલરનું થશે નુકશાન

નવીદિલ્હી,

કલાયમેટ ચેઈન્જના પ્રભાવ હેઠળ દુનિયાભરનાં દેશોમાં હવામાનમાં અસામાન્ય બદલાવ થતા રહ્યા છે.હવે તેનો અર્થતંત્રને મોટો ફટકો લાગી શકે છે. ૨૦૫૦ સુધીમાં વાતાવરણનાં આ ઘટનાક્રમોની અસરથી વૈશ્વિક આવકમાં ૧૯ ટકાનો ઘટાડો થઈ શકે છે. ભારતને લાગે વળગે છે ત્યાં સુધી આવક ૨૨ ટકા ઘટી શકે છે.સંશોધન રીપોર્ટમાં એમ જણાવવામાં આવ્યુ છે કે, વાયુ મંડળમાં અગાઉથી મૌજુદ ગ્રીનહાઉસ ગેસ તથા સામાજીક-આર્થિક કનેકશનને કારણે વૈશ્વિક આવકમાં ઘટાડો શકય છે.

ભારતની વાત કરવામાં આવે તો ૨૨ ટકાનો ફટકો હશે.જે વૈશ્વિક સરેરાશ કરતા ત્રણ ટકા વધુ હશે.કાર્બન ઉત્સર્જનમાં આજથી કાપ મુકવાનું શરૂ થાય તો પણ અર્થતંત્રની અસરમાંથી બચી નહીં શકાય અને ૨૦૫૦ સુધીમાં વૈશ્વિક અર્થતંત્રમાં આવક ૧૯ ટકા ઘટવાનું નિશ્ચિત છે.

જર્મનીના પોટસડેમ ઈન્સ્ટીટયુટ ફોર કલાયમેટ ઈમ્પ્લેટ રીસર્ચનાં વૈજ્ઞાનિકો દ્વારા છેલ્લા ૪૦ વર્ષ દરમ્યાન દુનિયાભરના ૧૬૦૦ થી વધુ ક્ષેત્રોનાં જલવાયું પરિવર્તન સંલગ્ન આર્થિક અસરોનો અભ્યાસ કરીને આ સંશોધન રીપોર્ટ તૈયાર કર્યો છે. નેચરમાં પ્રકાશીત રીપોર્ટમાં એમ કહેવાયું છે કે, ઉતરીય અમેરિકા, યુરોપ સહીત મોટાભાગનાં ક્ષેત્રોમાં આવકમાં મોટો ઘટાડો થવાનું અનુમાન છે.

દક્ષિણ એશીયા તથા આફ્રિકા સૌથી વધુ પ્રભાવીત થશે. વૈશ્વિક વાર્ષિક નુકશાનનું અનુમાન ૨૦૫૦ સુધીમાં ૩૮ ખરબ ડોલરનું ગણાય છે. જેની સંભવીત રેન્જ ૧૯ થી ૫૯ ખરબ ડોલરની અંદાજાય છે.કાયમી ગરમ પ્રદેશોનાં દેશો સૌથી વધુ પ્રભાવીત થશે.

વૈજ્ઞાનિકોનાં કહેવા પ્રમાણે જલવાયું પરિવર્તનની આવતા ૨૫ વર્ષોમાં દુનિયાભરનાં તમામ દેશોમાં અસર થવાનું સુચવાય રહ્યું છે. જર્મની, ફ્રાંસ, અમેરિકા જેવા વિકસીત દેશો પણ તેમાંથી બચી નહીં શકે.આ માર રોકવા માટે બહુ મોટા પ્રયાસો કરવા પડે તેમ છે.

ઉત્સર્જનમાં મોટો ઘટાડો કરવો પડશે. અન્યથા ૨૧૦૦ સુધીમાં વૈશ્વિક આર્થિક આવક નુકશાન ૬૦ ટકાએ પહોંચી જશે.

# ન શાહરુખની બાદશાહી, ન સલમાનની દબંગાઈ આલિયા ભટ્ટ અને સાક્ષી ભારતના પ્રભાવશાળી

મુંબઇ

બોલિવૂડ એક્ટ્રેસ આલિયા ભટ્ટે ટાઈમ ૧૦૦ મોસ્ટ ઈન્ફ્લ્યુશિયલ પીપલ ઈન વર્લ્ડ ૨૦૨૪ લિસ્ટમાં સ્થાન મેળવ્યું છે. આ લિસ્ટમાં આલિયા એકમાત્ર ભારતીય કલાકાર છે.ફરી એકવાર આલિયા ભટ્ટે ઈતિહાસ રચ્યો છે. તેણીને વિશ્વની ૧૦૦ સૌથી પ્રભાવશાળી વ્યક્તિઓમાં સામેલ કરવામાં આવી છે. ૨૦૨૪ના સમયના ૧૦૦ સૌથી પ્રભાવશાળી લોકોની યાદીમાં આલિયા ભટ્ટ એકમાત્ર ભારતીય



અભિનેત્રી છે. દુઆ લિપા, દેવ પટેલ, ૨૧ સેવેજ, કોલમેન ડોમિંગો અને લોરેન ગ્રૉફ જેવા કલાકારો સાથે આલિયા ભટ્ટનું નામ ૧૭ એપ્રિલે રિલીઝ થયેલી ટાઈમના ૧૦૦ સૌથી પ્રભાવશાળી લોકોની યાદીમાં પણ સામેલ છે.

આલિયા ભટ્ટ ઓગસ્ટ ૨૦૨૩માં હોલીવુડની ફિલ્મ હાર્ટ ઓફ સ્ટોનમાં મહત્વની ભૂમિકામાં જોવા મળી હતી. આ ફિલ્મથી તેને વિશ્વભરમાં ઓળખ મળી હતી. આ ઉપરાંત ગયા વર્ષે મેટ ગાલામાં પણ આલિયાની હાજરીએ તેને વિશ્વ મંચ પર ચમકાવી હતી. આલિયા માત્ર એક્ટર તરીકે જ નહીં પરંતુ બિઝનેસ વુમન તરીકે પણ ઉભરી છે. તમને જણાવી દઈએ કે વર્ષ ૨૦૨૩માં શાહરૂખ ખાન અને ઈઈઈ ફેમ ડાયરેક્ટર એસએસ રાજામૌલીએ સમયની આ યાદીમાં પોતાનું સ્થાન બનાવ્યું હતું.

આ વર્ષે ભારતના પ્રભાવશાળી લોકોની યાદીમાં આલિયા ભટ્ટ ઉપરાંત રેસલર સાક્ષી મલિકનું નામ પણ સામેલ છે. સાક્ષી મલિક યૌન ઉત્પીડન કેસમાં વિરોધ પ્રદર્શન દરમિયાન ઘણી ચર્ચામાં રહી હતી. તેના પરફોર્મન્સની દુનિયાભરમાં ચર્ચા થઈ હતી.

સ્ટુડન્ટ ઑફ ધ યરથી હિન્દી સિનેમામાં ડેબ્યુ કરનાર આલિયા ભટ્ટે થોડા જ સમયમાં પોતાની અભિનય શક્તિ સાબિત કરી દીધી. તેની કારકિર્દીમાં, તેણે હાઈવે, કપૂર એન્ડ સન્સ, ઉડતા પંજાબ, ડિયર જિંદગી, રાઝી, ગલી બોય, ઈઈઈ, બ્રહ્માસ્ત્ર અને રોકી ઔર રાની કી પ્રેમ કહાની જેવી સફળ ફિલ્મો કરી છે. આલિયા ભટ્ટે ૧૪ એપ્રિલ ૨૦૨૨ના રોજ અભિનેતા રણબીર કપૂર સાથે લગ્ન કર્યા હતા.

# વિક્રાંત મેસીની '૧૨મી ફેલ' ભારત પછી ચીન દેશમાં મચાવશે ધૂમ

મુંબઈ

વિક્રાંત મેસીની સૌથી લોકપ્રિય ફિલ્મ '૧૨મી ફેલ' રિલીઝ થતાની સાથે જ ભારતમાં લોકપ્રિય થઈ ગઈ હતી. તેની સ્ટોરીથી લઈને તેની સ્ટાર કાસ્ટ સુધી તેણે લોકોના દિલ જીતી લીધા છે. વિક્રાંત મેસી અને મેધા શંકરની ફિલ્મ '૧૨મી ફેલ' રિલીઝના ૫ મહિના પછી પણ જોરદાર ચાલી રહી છે. વિધુ વિનોદ ચોપરા દ્વારા નિર્દેશિત આ ફિલ્મ આઈપીએસ ઓફિસર મનોજ કુમાર શર્માના જીવનમાં આવેલા ઉતાર-ચઢાવને દર્શાવે છે. '૧૨મી ફેલ' થિયેટરો પછી ઓટીટી પર રિલીઝ થઈ હતી, ત્યારબાદ હવે આ ફિલ્મ વિદેશમાં પણ ધમાકો કરવા માટે તૈયાર છે.

વિક્રાંત મેસીની '૧૨મી ફેલ' ભારત બાદ હવે ચીનમાં રિલીઝ થવાની તૈયારીમાં છે. ફિલ્મમાં લીડ રોલમાં જોવા મળેલા વિક્રાંત મેસી અને મેધા શંકર બંને ચીનમાં ફિલ્મની રિલીઝને લઈને ખૂબ જ ખુશ છે. હાલમાં જ ઈન્ટરવ્યુમાં વિક્રાંતે કહ્યું હતું કે તે પ્રમોશન માટે ચીન જશે કે નહીં તે નક્કી કરવું બહુ વહેલું છે. વિક્રાંતે કહ્યું, 'ફિલ્મ ક્યારે રિલીઝ થશે તે વિશે વાત કરવી ખૂબ જ વહેલું છે, પરંતુ હું ખરેખર ખૂબ જ ખુશ છું.'તમને જણાવી દઈએ કે આમિર ખાન આ પહેલા પોતાની ફિલ્મ 'દંગલ'ના પ્રમોશન માટે ચીન ગયો હતો અને ત્યાં પણ આ ફિલ્મ હિટ રહી હતી. તેની ફિલ્મ '૩ ઈડિયટ્સ'એ પણ આ દેશમાં સારી કમાણી કરી હતી. વિક્રાંતે જણાવ્યું કે '૧૨મી ફેલ' પાછળની ટીમ છેલ્લા કેટલાક સમયથી ચીનમાં તેની રિલીઝ પર કામ કરી રહી હતી. તેણે કહ્યું કે આ ફિલ્મ ચીનમાં ૨૦,૦૦૦ થી વધુ સ્ક્રીન પર બતાવવામાં આવશે.

# જામનગર મહિલા આઈટીઆઈની વિદ્યાર્થિનીઓ દ્વારા મતદાન જાગૃતિ અંગે યોજાઈ બાઈક રેલી



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : મતદારોમાં મતદાન માટે જાગૃતિ લાવવા હેતુસર મતદાન જાગૃતિ અભિયાન (SVEEP) હેઠળ જામનગરની મહિલા આઈ.ટી.આઈ.ની વિદ્યાર્થીનીઓ તથા શિક્ષકો દ્વારા બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા શિક્ષણાધિકારી વિડજા અને મહિલા આઈ.ટી.આઈ.ના આચાર્ય જીજ્ઞેશ શાહના માર્ગદર્શન હેઠળ યોજાયેલ બાઈક રેલી શહેરના જનતા ફાટક વિસ્તારના મુખ્ય માર્ગો પર નીકળી હતી. જેમાં વિદ્યાર્થીનીઓ સહિત કચેરીના કર્મચારીઓ અને શિક્ષકો પણ ઉત્સાહપૂર્વક જોડાયા હતા. આ બાઈક રેલી શહેરના મુખ્ય માર્ગો ઉપરથી પસાર થઈને મતદારોને જાગૃત કરતા બેનરો તેમજ સૂત્રોચ્ચાર કરી આઈ.ટી.આઈ. ખાતે સમાપન કરવામાં આવી હતી.

# કલ્યાણપુર તાલુકાના લાંબા અને નાવદ્રા ગામે મતદાર જાગૃતિ પત્રિકાઓનું વિતરણ



દ્વારકા : આગામી લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪માં ટર્નઆઉટ ઈમ્પલીમેન્ટેશન પ્લાન(TIP) અંતર્ગત દેવભૂમિ દ્વારકા જિલ્લામાં મતદાન અંગે જાગૃતિ ફેલાવી મતદાનમાં મતદારોની સહભાગીદારીતા વધારવા તેમજ 'No Voters to be left behind' નો હેતુ સિદ્ધ કરવા માટે જિલ્લામાં વિવિધ પ્રકારના મતદાન જાગૃતિના કાર્યક્રમો કરવામાં આવી રહ્યા છે.

ખાસ મહિલા મતદારોમાં મતદાન જાગૃતતા કેળવાઈ અને મહિલાઓ વધુમાં વધુ મતદાન કરવા પ્રેરાય તેવા ઉમદા હેતુથી કલ્યાણપુર તાલુકાના લાંબા અને નાવદ્રા ગામે મતદાર જાગૃતિ પત્રિકાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# જામનગર વિદ્યાસાગર ઈન્ફોટેક કોલેજ તથા હોમગાર્ડ કચેરી દ્વારા વૃક્ષારોપણ યોજાયું



વિદ્યાસાગર ઈન્ફોટેક કોલેજ જામનગર તથા જિલ્લા હોમગાર્ડ કચેરી જામનગર દ્વારા તા.૧૩-૦૪-૨૦૨૪ શનિવારના રોજ 'વૃક્ષારોપણ' નો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. આ કાર્યક્રમનું સંચાલન આર્ટસ વિભાગના પ્રો. પ્રેક્ષાબેન ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાસાગર ઈન્ફોટેક કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ કુંડા બનાવવા અને વૃક્ષારોપણ તથા આ કાર્યક્રમમાં જામનગર હોમગાર્ડ કચેરી ના કમાન્ડન્ટ ગીરીશભાઈ સરવૈયા તેમજ અન્ય તમામ ઓફિસરો દ્વારા જિલ્લા હોમગાર્ડ કચેરી ખાતે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે કોલેજના પ્રિન્સિપાલ રામ કેવલ રામાણી, સર્વ વિભાગના અધ્યાપકગણ તેમજ વિદ્યાર્થી મિત્રોએ બહોળી સંખ્યામાં ભાગ લીધો હતો.

# ચેક પરત કેસમાં કારખાનેદારને ૬ માસની સાદી કેદની સજા

જામનગર : જામનગરમાં એક કારખાનેદારને ચેક પરત ફરવાના કેસમાં અદાલતે છ માસની સાદી કેદની સજાનો હુકમ કર્યો છે.

જામનગરમાં રહેતા રૂપેશભાઈ વિરચંદભાઈ શાહ પાસેથી જય ચામુંડા બ્રાસ ઈન્ડસ્ટ્રીઝના માલિક મહેશભાઈ દયાળજીભાઈ સાકરીયાએ રૂ. ચાર લાખની રકમ ઉછીની લીધી હતી અને તેની પરત ચુકવણી માટે ચેક આપવામાં આવ્યો હતો. તે ચેક બેંકમાંથી પરત ફરતા અદાલતમાં ફરિયાદ નોંધાવવામા આવતા સમાધાન થયું હતું. જે પછી આખરે ૫૦ હજારની રકમના બે ચેકો આપવામાં આવ્યા હતા. જે ચેક પણ પરત ફરતા ફરી અદાલતમાં ફરિયાદ કરવામાં આવી હતી. જેમાં અદાલતે આરોપી મહેશ સાકરીયાને છ માસની સાદી કેદી સજા અને રૂપિયા એક લાખનો દંડ અને દંડની રકમ ભરપાઈ કરે નહી તો વધુ એક માસની સજાનો હુકમ કરવામાં આવ્યો હતો. ફરિયાદી તરફથી વકીલ હિતેશ ડી સોનગરા અને ચિરાગ કે સોનગરા રોકાયા હતા.

# જામનગરમાં ભારતીય વાયુસેનાના માર્શલ અર્જુનસિંઘ (ડીએફસી)ની સ્મૃતિમાં અપાઈ સંગીતમય શ્રદ્ધાંજલિ



જામનગર : ભારતીય વાયુસેનાના માર્શલ અર્જુનસિંઘ ડીએફસીને તેમની ૧૦૫ મી જન્મ જયંતિ નિમિત્તે ૧૫ એપ્રિલ ૨૦૩૪ ના સાંજે ૪.૩૦ કલાકે લાખોટા રણમલ તળાવ (સિવિલ એરિયા) જામનગર ખાતે એરફોર્સ સ્ટેશન દ્વારા ત્રિ-સેવા બેન્ડ પરફોર્મન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. સંયુક્ત બેન્ડમાં એર વોરિયર સિમ્ફની ઓર્કેસ્ટ્રાના ૨૮ એર વોરિયર્સ, એર ફોર્સ બેન્ડના ૧૩ એર વોરિયર્સ, હેડક્વાર્ટર સાઉથ વેસ્ટર્ન એર કમાન્ડ, નેવી બેન્ડ, આઈએનેસ વાલસુરાના ૧૫ સંગીતકારોનો સમાવેશ થાય છે. ભારતીય વાયુસેનાના માર્શલને શ્રદ્ધાંજલિ આપવા માટે આ એક અનોખું અને તેના પ્રકારનું પ્રથમ ત્રિ-સેવા બેન્ડ પ્રદર્શન હતું. આ કાર્યક્રમમાં જિલ્લા વહીવટી તંત્ર, પોલીસ, ત્રણેય સંરક્ષણ દળોના સભ્યો, કોસ્ટ ગાર્ડ, ઉદ્યોગપતિઓ, કોલેજના વિદ્યાર્થીઓ અને અનાથાશ્રમના બાળકો ઉપરાંત જામનગરના સ્થાનિક લોકો સામેલ થયા હતા. આ કાર્યક્રમનું યુટ્યુબ પર લાઈવ પ્રસારણ પણ કરવામાં આવ્યું હતું.

# જામનગરમાં સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા પરશુરામ જયંતીની ઉજવણી માટે આવતીકાલે બેઠક

જામનગર : જામનગર જિલ્લા તથા શહેર સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા બ્રાહ્મણોના આરાધ્યદેવ ભગવાનશ્રી પરશુરામ જન્મોત્સવની શોભાયાત્રા યોજવામાં આવે છે.જેના આયોજન માટે આગામી તા.૨૧ એપ્રિલ ને રવિવારના રોજ યોજાશે.

જામનગર જિલ્લા તથા શહેર સમસ્ત બ્રહ્મસમાજ (સૌરાષ્ટ્ર કચ્છ) ના જિલ્લા પ્રમુખ પ્રફુલભાઈ વાસુની એક યાદીમાં જણાવવામાં આવે છે કે, આગામી તા.૧૦/૦૫/૨૦૨૪ ને શુક્રવારના રોજ બ્રાહ્મણોના આરાધ્યા દેવ શ્રી પરશુરામ ભગવાન જન્મોત્સવ શોભાયાત્રા નિમિતે પ્રથમ મીટીંગનું આયોજન તા.૨૧.૪.૨૪ ને રવિવારે રાત્રે ૯.૩૦ કલાકે શ્રીમાળી બ્રાહ્મણજ્ઞાતિની વાડી, પંચેશ્વર ટાવર રોડ,ખાતે રાખેલ છે. જેમાં જામનગર જિલ્લા તથા શહેર બ્રહ્મસમાજના તમામ ઘટકો, પેટા જ્ઞાતિઓ તેમજ ભાઈઓ-બહેનોને બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેવા જિલ્લા પ્રમુખ પ્રફુલભાઈ વાસુએ અનુરોધ કર્યો છે.

# કલ્યાણપુર તાલુકાની સતાપર પ્રાથમિક શાળા ખાતે યોજાઈ ચુનાવ પાઠશાળા



દ્વારકા : લોકસભા સામાન્ય ચૂંટણી - ૨૦૨૪ અન્વયે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તા.૦૭ મે, ૨૦૨૪ના રોજ મતદાન થશે. ત્યારે જિલ્લાના મતવિસ્તારમાં વધુમાં વધુ મતદાન થાય તે હેતુથી જિલ્લા ચૂંટણી તંત્ર કાર્યરત છે. અને મતદાર જાગૃતિના વિવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. કલ્યાણપુર તાલુકાની સતાપર પ્રાથમિક શાળામાં ચુનાવ પાઠશાળા યોજવામાં આવી હતી. અને લોકશાહીના આ અવસરમાં મતદાન કરવા, મતદાતાઓને તેમના મતદાનનું મહત્વ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. બાળકોએ સમગ્ર ચૂંટણી પ્રક્રિયા કઈ રીતે થાય છે તે અંગે માહિતી મેળવી હતી.

# જામનગર (ગ્રામ્ય) વિધાનસભા યુવક કોંગ્રેસના પ્રમુખ તરીકે વરણી



તસવીર: સુનિલ ચુડાસમા

ગુજરાત યુવક કોંગ્રેસના પ્રભારી મનીષભાઈ ચૌધરી અને ગુજરાત પ્રદેશ યુવક કોંગ્રેસના પ્રમુખ હરપાલસિંહ ચુડાસમાની મંજુરીથી ૭૭ જામનગર ગ્રામ્ય વિધાનસભા યુવક કોંગ્રેસના પ્રમુખ તરીકે નૂરમામદ પલેજાની નિમણૂક કરવામા આવે છે. આ તકે જામનગર કોંગ્રેસના પુર્વ સાંસદ વિક્રમભાઈ માડમ અને હાલના જામનગર લોકસભાના ઉમેદવાર જે. પી. મારવીયાના હસ્તે એડવોકેટ અને કોર્પોરેટર નૂરમામદ પલેજાને નિમણૂકપત્ર આપવામા આવ્યો હતો અને જામનગર યુવક કોંગ્રેસ શહેર પ્રમુખ ડો.તોસીફ પઠાણ, હજૈ પ્રમુખ માહિપાલસિંહ, રવીરાજસિંહ, શક્તિસિંહ જેઠવા, જામનગર શહેર પ્રમુખ વીરેન્દ્રસિંહ (દિગુભા) જાડેજા હાજર રહેલ હતા.

# સમસ્ત તળપદા કોળી સમાજ (કતપરવાળા) જામનગર દ્વારા નવમો સમૂહ લગ્ન સમારોહ સંપન્ન



જામનગર : ગત. તા. ૩૧ માર્ચના રોજ જામનગરના નાગેશ્વર કોલોની ખાતે સમસ્ત તળપદા કોળી સમાજ કથા પરવાળા જામનગર દ્વારા નવમા સમૂહ લગ્ન સમારોહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૪ નવ દંપતિઓએ પ્રભુતામાં પગલાં માંડ્યા હતા, આ સમૂહ લગ્ન સમારોહમાં જ્ઞાતિજનોની બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આ સમૂહ લગ્ન સમારોહમાં અતિથિ વિશેષ તરીકે રાજુલા જાફરાબાદના ધારાસભ્ય હીરાભાઈ સોલંકી ઉપસ્થિત રહ્યા હતા આ તકે તેમનું સન્માન પ્રમુખ હિતેશભાઈ બાંભણીયા દ્વારા હાલારી પાઘડી તેમજ સાલ અને તલવાર આપી સન્માન કરવામાં આવ્યું હતું.

આ તકે ધારાસભ્ય હીરાભાઈ સોલંકી એ જણાવ્યું હતું કે સમુહ લગ્ન થી સમાજને આર્થિક ફાયદો થાય છે, ખોટા ખર્ચાઓ ઘટે છે, વધુમાં જણાવ્યુ હતું કે યુવાનોએ આગળ આવી સમાજમાં મજબૂત સંગઠન કરવા આહવાન કર્યું હતુ અને પ્રમુખ હિતેશભાઈને ખુબ સપોર્ટ કરવા અને સાથ આપવા સમાજને ટકોર કરી હતી.

આ સમુહ લગ્ન સમારોહમાં ધારાસભ્ય હીરાભાઈ સોલંકી, મહંત સુન્દરદાસ બાપુ, ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરી, ધારાસભ્ય રિવાબા જાડેજા, ડે. મેયર ક્રિષ્નાબેન સોઢા, સ્ટે. કમિટી ચેરમેન નિલેશભાઈ કગથરા, કોર્પોરેટરો જીતેશભાઈ શિંગાળા, મનીષભાઈ કટારીયા, કેશુભાઈ માડમ, આશાબેન રાઠોડ, પાર્થભાઈ જેઠવા, મુકેશભાઈ માતંગ સાથે જ પુર્વ કોર્પોરેટર નટુભાઈ રાઠોડ, હંસાબેન પીપરીયા તેમજ સામાજીક/રાજકીય આગેવાનો કેતનભાઈ જાદવ, સુભાષભાઈ ગુજરાતી, યોગેશભાઈ પરમાર, દર્શનભાઈ છનુરા, કાનાભાઈ શિયાળ, જીતુભાઈ બાંભણીયા, ધીરૂભાઈ શિયાળ, ભરતભાઈ ઢાપા, બાબુભાઈ ડોણાશીયા, છનાભાઈ બારૈયા, કિશોરભાઈ ડોણાશીયા, ભરતભાઈ ભુવા, રમેશભાઈ ઢાપા, વિનોદભાઈ ચાવડા, દિપકભાઈ બાંભણીયા, કરણભાઈ બારૈયા, દિલીપભાઈ બારૈયા, મનસુખભાઈ ગુજરીયા, ભરતભાઈ રસાણી, સુનિલભાઈ ડોણાશીયા, ભાવેશભાઈ ગુજરીયા, ભરતભાઈ બારૈયા, નથાભાઈ બાંભણીયા, મુકેશભાઈ ઢાપા (મહુવા), છગનભાઈ ઢાપા, જીતુભાઈ ઠાકોર, વગેરે ભાવનગર, મહુવા, રાજકોટ સહિત અલગ - અલગ જીલ્લામાંથી આગેવાનો ઉપસ્થિત રહ્યા હતાં. આ પ્રસંગે પ્રમુખ હિતેશભાઈ બાંભણીયા એ તમામ ઉપસ્થિત મહેમાનો, જ્ઞાતિજનો સહિતનો આભાર વ્યક્ત કર્યો હતો. આ સમુહ લગ્નને સફળ બનાવવા તમામ સભ્યો દ્વારા ખુબ જહેમત ઉઠાવી હતી.

# સલાયામાં ચાલતી ચૈત્રી નવરાત્રિમાં વિવિધ કોમ્પીટીશનમાં ૫૦ બહેનોએ ભાગ લીધો



સલાયા : સલાયા લોહાણા મહાજન દ્વારા છેલા ૯ વર્ષથી ચૈત્રી નવરાત્રી ઉજવાઈ છે જેમાં માત્ર બહેનો રાસ ગરબા રમે છે. અને માતાજીની સ્તુતિ કરે છે. આ ગરબીમાં જુદા જુદા કોમ્પિટીશનમાં ૫૦ જેટલી બહેનોએ ભાગ લીધો હતો. જેમાં આરતીની થાળીની સ્પર્ધા, રાસ ગરબાની સ્પર્ધા,તેમજ ડ્રેસ કોમ્પિટીશન રાખવામાં આવ્યું હતું. જેમાં નિર્ણાયક તરીકે ખંભાળિયા નગર પાલિકાના પ્રમુખ રચનાબેન મોટાણી,કારોબારી ચેરમેન રેખાબેન ખેતિયા,લાયન્સ કલબ ખંભાળિયાના પ્રમુખ નિમિષાબેન નકુમ,રઘુવંશી અગ્રણી સોનલબેન કાનાબાર, બ્રહ્મસમાજ ના અગ્રણી ડિમ્પલબેન સાતા એ સેવા આપી હતી. આ સ્પર્ધામાં વિજેતા થનાર બહેનોને સિલ્ડ તેમજ પુરસ્કાર આપવામાં આવ્યા હતા. આમ આસો નવરાત્રીની ઉજવણી બધી જગ્યાએ થતી હોઈ છે પરંતુ ચૈત્રી નવરાત્રિમાં ગરબાનું આયોજન સલાયામાં થતું હોઈ આજુબાજુના ગામમાંથી પણ બહેનો અહી રમવા આવે છે. આ સમગ્ર આયોજન લોહાણા મહાજન ની દેખરેખ હેઠળ કરવામાં આવે છે.

# દ્વારકાના વસઈ ગામે બંધ ગૌશાળા ફરી શરૂ કરાઈ



તસવીર : બુધાભા ભાટી

દ્વારકાનાં વસઈ ગામની ગૌશાળા કેટલાક સમયથી બંધ હતી તે ફરી શરૂ કરાઈ છે. દ્વારકા તાલુકાનાં વસઈ ગામની શ્રી ગાત્રાળમા ગૌશાળા કોઈ કારણસર કેટલાક સમયથી બંધ હતી.

ગામનાં યુવાનો,ગૌસૈવકો અને ગ્રામજનોનાં સાથ અને સહકારથી આ ગૌશાળા ફરીથી શરૂ કરવામાં આવેલ છે. તમામ લોકો આ ગૌશાળાની ગાયો અને ગૌવંશની તન,મન અને ધનથી સેવા કરવામાં કાર્યરત થયા છે.

# દેવભૂમિ દ્વારકાઃ લૂ લાગવાથી રક્ષણ મેળવવા અંગેની માર્ગદર્શિકા જાહેર

દ્વારકા : દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આગામી દિવસોમાં હીટ વેવની સંભાવનાઓને જોતા હીટ વેવ દરમિયાન શું કરવું અને શું ન કરવું તે અંગે આરોગ્ય અને પરિવાર કલ્યાણ શાખા દેવભૂમિ દ્વારકા દ્વારા માર્ગદર્શિકા આપવામાં આવી છે.

ગરમીમાં લૂ લાગવા (હીટ વેવ) થી બચવા માટે આરોગ્યલક્ષી સૂચનો : હીટ વેવ દરમ્યાન બહાર નીકળવાનું ટાળવું આખું શરીર અને માથું ઢંકાઈ તે રીતે સફેદ સુતરાઉ ખુલતા કપડા પહેરવા, ટોપી, ચશ્માં ,છત્રીનો ઉપયોગ કરવો. નાના બાળકો, સગર્ભા માતાઓ, વૃધ્ધો તથા અશકત અને બીમાર વ્યકિતઓએ તડકામાં વિશેષ કાળજી લેવી. સીધા સૂર્યપ્રકાશથી બચવું.ગરમીમાં બહારથી ઘરે આવ્યા બાદ શરીરનું તાપમાન નીચું આવે ત્યારબાદ જ ન્હાવું, શક્ય હોય તો ઘરના બારી અને બારણા સાથે ખસની ટટ્ટી પાણી છાંટી બાંધી રાખવી. દિવસ દરમ્યાન ઝાડ નીચે, ઠંડક અને છાંયામા રહેવું. બજારમાં મળતો ખુલ્લો વાસી ખોરાક ખાવો નહી, બજારમા વેચાતા બરફનો ઉપયોગ ટાળવો. લગ્ન પ્રસંગે દૂધ, માવાની આઈટમ ખાવી નહી. ઉપવાસ કરવાનું ટાળવું, સવારનું ભોજન ૧૨:૦૦ વાગ્યા સુધીમાં લઈ લેવું. ચા-કોફી અને દારૂના સેવનથી લૂ લાગવાની શક્યતા વધે છે, તેથી તેનું સેવન ટાળવું. હીટ વેવની ચેતવણીના દિવસોમાં બપોરે બે વાગ્યાથી ચાર વાગ્યા સુધી બહાર નીકળવાનું ટાળવું.

લૂ લાગવા (હીટ વેવ)ના લક્ષણો : માથુ દુખવુ, પગની પીંડીઓમા દુખાવો થવો. શરીરનું તાપમાન વધી જવું. ખુબ તરસ લાગવી. શરીરમાંથી પાણી ઓછુ થઈ જવું. ઉલટી થવી, ઉબકા આવવા, ચકકર આવવા, આંખે અંધારા આવવા. બેભાન થઈ જવું. સુધ-બુધ ગુમાવી દેવી (મૂંઝવણ). અતિ ગંભીર કિસ્સામા ખેંચ આવવી. વરીયાળી, કાચીકેરી, ગુલાબ, ખસ, અને કાળી દ્રાક્ષનું સરબત લઈ શકાય રાત્રે ૧૦ નંગ કાળી દ્રાક્ષ પાણીમા પલાળી સવારે આ પાણી પીવું અને દ્રાક્ષ ખાવી. તરબુચનો ઉપયોગ સવારે અને બપોરે કરવો. લૂ લાગવાની અસર જણાય તો તાત્કાલીક નજીકના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કે સરકારી દવાખાનાનો સંપર્ક કરવા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીની યાદીમાં જણાવાયું છે.

## અવસાન નોંધ

**જામનગર :** શ્રીમાળી સામવેદી બ્રાહ્મણ કિર્તીબેન બિપીનચંદ્ર ત્રિવેદી, તે સ્વ. બિપીનચંદ્ર જશવંતરાય ત્રિવેદીના ધર્મપત્ની, જસ્મિતાબેન ગૌરવભાઈ પંડયાના માતુશ્રી અને ઈજ્જતરાય દામોદરદાસ ઓઝાના પુત્રી, અજયભાઈ આઈ. ઓઝાના બેનનું આજરોજ તા.૧૯/૦૪/૨૦૨૪ ના રોજ અવસાન થયું છે. સદગતનુ બેસણું તા.૨૦/૦૪/૨૦૨૪ના દિવસે સાંજના ૫.૦૦ થી ૫.૩૦ સુધી કાશી વિશ્વનાથ મંદિર, કે.વી. રોડ, જામનગર ખાતે રાખેલ છે.

**ભાટિયા :** મધુબેન (મીરાબેન) (ઉ. વ. ૭૮) તે સ્વ. છોટાલાલ કાલિદાસ પાબારીના પત્ની તથા પ્રકાશભાઈ (યમુના એન્ટરપ્રાઈઝવાળા), કિરીટભાઈ, સોનલબેન અતુલકુમાર ધોકાઈ (મીઠાપુર)ના માતા, ડો. ભાવિન, રાજદીપ, નિકુંજ તથા ધારા સાગરકુમાર ચોટાઈના દાદી, દ્વારકા નિવાસી સ્વ. વિસનજી ચત્રભૂજ ગોકાણીના પુત્રી તા. ૨૦ના શ્રીજીચરણ પામ્યા છે. સદગતનું ઉઠમણું તથા પિયર પક્ષની સાદડી તા. ૨૨ના સાંજે ૪ થી ૪:૩૦ કલાકે, ભાઈઓ માટે દૂધેશ્વર મહાદેવ મંદિર, બહેનો માટે તેમના નિવાસસ્થાને રાખવામાં આવેલ છે.

# કરાચીમાં આત્મઘાતી હુમલો, ૫ જાપાની નાગરિકોને લઈ જતી ગાડીને ઉડાવી દેવાનો પ્રયાસ : ૨ આતંકવાદી ઠાર



કરાચી,

પાકિસ્તાન માં ફરી એક વાર ભય નો માહોલ, કરાચી શહેરમાં વિદેશી નાગરિકોને સતત નિશાન બનાવવામાં આવી રહ્યા છે. પાકિસ્તાનના કરાચી શહેરમાં ફરી એક વખત આતંકવાદીઓએ વિદેશી નાગરિકોને નિશાન બનાવ્યા છે. શહેરના મનસેહરા કોલોનીમાં થયેલા એક આત્મઘાતી હુમલામાં એક વ્યક્તિએ પોતાની જાતને ઉડાવી દીધી હતી.આ ઘટનામાં ૫ જાપાની કે ચીની નાગરિકો તથા ૨ પાકિસ્તાની નાગરિકોને લઈ જતી ગાડીને નિશાન બનાવવામાં આવી છે.

પાકિસ્તાન સરકારે દાવો કર્યો છે કે તમામ જાપાની નાગરિક સુરક્ષિત છે. જોકે આ ઘટનાને લઈ પાકિસ્તાનમાં વિદેશી નાગરિકોની સુરક્ષાને લઈ પ્રશ્નાર્થ સર્જાયા છે. જોકે આ વાહનના ડ્રાઈવર અને સિક્યુરિટી ગાર્ડનું મોત થયું છે. પોલીસ દ્વારા કરવામાં આવેલી જવાબી કાર્યવાહીમાં બે આતંકવાદી માર્યા ગયા છે.

સ્થાનિક પોલીસનું કહેવું છે કે આ હુમલો જાપાની નાગરિકોને નિશાન બનાવીને કરવામાં આવ્યો હતો.જોકે આ વિદેશી નાગરિકોને કોઈ નુકસાન થયું નથી. તેમને સુરક્ષિત સ્થાન પર લઈ જવામાં આવ્યા છે. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ આ આત્મઘાતી હુમલાની પુષ્ટી કરી છે. અત્રે ઉલ્લેખનીય છે.

# ચૂંટણી વર્ષમાં રાજકોષીય અનુશાસન જાળવવા બદલ આઈએમએફે કરી ભારતની પ્રશંસા

નવીદિલ્હી,

ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (આઈએમએફ) એ ચૂંટણી વર્ષમાં રાજકોષીય અનુશાસન જાળવવા બદલ ભારતની પ્રશંસા કરી છે અને કહ્યું છે કે ભારતીય અર્થતંત્ર સારું પ્રદર્શન કરી રહ્યું છે.આઈએમએફના એશિયા અને પેસિફિક વિભાગના ડાયરેક્ટર કૃષ્ણા શ્રીનિવાસને ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે ભારતની અર્થવ્યવસ્થા હાલમાં સારું પ્રદર્શન કરી રહી છે. ૬.૮ ટકાની વૃદ્ધિ ઘણી સારી છે. મોંઘવારી ઘટી રહી છે. આપણે સુનિશ્ચિત કરવું પડશે કે ફુગાવો લક્ષ્યાંક સુધી નીચે લાવવામાં આવે.

તેમણે જણાવ્યું હતું કે, નાણાકીય શિસ્ત જાળવવી, ખાસ કરીને ચૂંટણીના વર્ષમાં, મારા માટે ખૂબ જ મહત્વપૂર્ણ બાબત છે કારણ કે ચૂંટણીના વર્ષોમાં દેશો નાણાકીય સાહસો શરૂ કરે છે. શ્રીનિવાસને કહ્યું કે આ સરકારે અનુશાસન જાળવી રાખ્યું છે. મને લાગે છે કે આ ખૂબ જ મહત્વપૂર્ણ છે કારણ કે આખરે નક્કર 'મેક્રો ફંડામેન્ટલ્સ' એ આધાર છે જેના આધારે દેશો સમૃદ્ધ થાય છે અને ટકાઉ વૃદ્ધિ હાંસલ કરે છે. તેથી તેની જાળવણી કરવી ખૂબ જ જરૂરી છે. તેમણે કહ્યું કે ભારતે છેલ્લા ઘણા વર્ષોમાં ઘણા આંચકાઓનો સામનો કર્યો છે અને સફળતાપૂર્વક તેને પાર કર્યો છે. તે વિશ્વની સૌથી ઝડપથી વિકસતી મોટી અર્થવ્યવસ્થાઓમાંની એક તરીકે ઉભરી રહી છે.

તેમણે વધુમાં કહ્યું કે હકીકતમાં આ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં અમે ખાનગી વપરાશ અને જાહેર રોકાણની આગેવાની હેઠળ ૬.૮ ટકા વૃદ્ધિ દરનો અંદાજ લગાવી રહ્યા છીએ. મોંઘવારી ધીમે ધીમે ઘટી રહી છે. તે હવે પાંચ ટકાથી નીચે છે.

## નવજોત સિંહ સિદ્ધુ કોંગ્રેસ માટે લોકસભા ચૂંટણી પ્રચાર નહીં કરે



ચંડીગઢ,

પટિયાલામાં નવજોત સિંહ સિદ્ધુના ઘરે એક બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં નવજોત સિંહ સિદ્ધુ અને તેમના જૂથના નેતાઓએ નિર્ણય લીધો છે કે તેઓ લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવારોના પક્ષમાં પ્રચાર કરશે નહીં અને કોઈ કાર્યક્રમમાં કોંગ્રેસના ઉમેદવારનો સાથ આપશે નહીં. આ બેઠકમાં નવજોત સિંહ સિદ્ધુ ઉપરાંત પંજાબ કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ શમશેર સિંહ દુલ્લો, પૂર્વ ધારાસભ્ય નઝર સિંહ માનશાહિયા, જગદેવ સિંહ કમલુ, મહેશ ઈન્દર સિંહ અને ભટિંડા ગ્રામીણ કોંગ્રેસના પ્રભારી હરબિંદર લાડી સહિત ઘણા કોંગ્રેસી નેતાઓ હાજર હતા.

આ બેઠકમાં નક્કી થયું કે જ્યારે પાર્ટીને જરૂર હોય છે ત્યારે તે નવજોત સિંહ સિદ્ધુને યાદ કરે છે પરંતુ ચૂંટણી પછી તેમની અવગણના કરવામાં આવે છે.

# અમેરિકાએ પેલેસ્ટાઈનને સંયુક્ત રાષ્ટ્રનો સ્થાયી સભ્ય બનાવવાના પ્રસ્તાવને રોક્યો

વોશિંગ્ટન,

અમેરિકાએ સંયુક્ત રાષ્ટ્રમાં પેલેસ્ટાઈનના સંપૂર્ણ સભ્યપદના પ્રસ્તાવને વીટો કરી દીધો છે.૧૫-રાષ્ટ્રીય પરિષદે પેલેસ્ટાઈનને સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદનું સંપૂર્ણ સભ્યપદ આપવાના પ્રસ્તાવ પર મતદાન કર્યું હતું. પ્રસ્તાવને પસાર કરવા માટે ઓછામાં ઓછા નવ કાઉન્સિલ સભ્યોના સમર્થનની જરૂર હતી. પેલેસ્ટાઈનને સંયુક્ત રાષ્ટ્રનો કાયમી સભ્ય બનાવવાના પ્રસ્તાવની તરફેણમાં ૧૨ મત પડ્યા હતા, જ્યારે સ્વિટ્ઝર્લેન્ડ અને બ્રિટને મતદાનમાં ભાગ લીધો ન હતો. જો કે, સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની બેઠકમાં અમેરિકા દ્વારા આ પ્રસ્તાવને વીટો કરવામાં આવ્યો હતો, જેના કારણે આ પ્રસ્તાવ પસાર થઈ શક્યો ન હતો.





હાલમાં પેલેસ્ટાઈન સંયુક્ત રાષ્ટ્રનો બિન-સભ્ય દેશ છે. પેલેસ્ટાઈનને વર્ષ ૨૦૧૨માં આ દરજ્જો આપવામાં આવ્યો હતો. આ અંતર્ગત પેલેસ્ટાઈન સંયુક્ત રાષ્ટ્રની કાર્યવાહીમાં ભાગ લઈ શકે છે, પરંતુ કોઈપણ ઠરાવ પર મતદાન કરી શકે નહીં. પેલેસ્ટાઈન ઉપરાંત વેટિકન સિટી પણ સંયુક્ત રાષ્ટ્રનો બિન-સભ્ય દેશ છે.

સંયુક્ત રાષ્ટ્રમાં અમેરિકાના પ્રતિનિધિ રોબર્ટ વૂડે વીટો પાવરના ઉપયોગ અંગે સ્પષ્ટતા કરતા કહ્યું કે 'અમેરિકા માને છે કે પેલેસ્ટાઈનને અલગ દેશનો દરજ્જો આપવાનો શ્રેષ્ઠ માર્ગ ઈઝરાયેલ અને પેલેસ્ટાઈન વચ્ચે સીધી વાટાઘાટો દ્વારા છે, જેમાં અમેરિકા અને અન્ય સાથી દેશોએ મદદ કરવી જોઈએ. અમેરિકાનો આ મત પેલેસ્ટાઈનને અલગ દેશનો દરજ્જો આપવા વિરુદ્ધ નથી, પરંતુ અમે માનીએ છીએ કે આ બંને પક્ષો વચ્ચે સીધી વાટાઘાટો દ્વારા જ થવું જોઈએ.

## કાયદો બધા માટે એકસમાન, વકીલ વિશેષ રક્ષણ મેળવી ન શકે : બોમ્બે હાઈકોર્ટ

મુંબઈ,

બોમ્બે હાઈકોર્ટે તાજેતરમાં વકીલો સાથે સંબંધિત એક કેસની સુનાવણી કરતા કહ્યું કે કાયદો દરેક માટે સમાન છે અને વકીલો પણ તેમાંથી કોઈપણ રીતે બચી શકે નહીં. તેઓ કાયદા હેઠળના અપરાધોના આરોપોમાંથી વિશેષ રક્ષણ મેળવી શકતા નથી. હાઈકોર્ટે રાજ્ય સરકારને ૪ અઠવાડિયામાં અરજીનો જવાબ આપવાનો આદેશ આપ્યો છે. કેસની આગામી સુનાવણી ૧૧મી જૂને રાખવામાં આવી છે.

આઈપીસીમાં સુધારો કરવા અને કલમ જાહેર કરવા માટે ભારતીય સંઘને નિર્દેશ આપવાની માંગ કરતી અરજી પર સુનાવણી કરતી વખતે બોમ્બે હાઈકોર્ટે ટિપ્પણી કરી. જસ્ટિસ રેવતી મોહિતે ડેરે અને જસ્ટિસ મંજુષા દેશપાંડેની ડિવિઝન બેંચ સમક્ષ વકીલ નીતિન સાતપુતે દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીની સુનાવણી થઈ હતી. અરજદારના વકીલે દલીલ કરી હતી કે લોકોને વિરોધ કરતા રોકવા માટે ફોજદારી બળનો ઉપયોગ કરવો ગેરકાયદેસર છે.

# નક્સલવાદીઓ સામેના યુદ્ધમાં આગામી બે વર્ષ ખૂબ જ મહત્વપૂર્ણ છે : બસ્તર આઈજી

### સુરક્ષા દળોના સતત હુમલાથી માઓવાદીઓનો વિશ્વાસ ડગમગી ગયો છે. તેમને કેડરની ભરતી કરવામાં મુશ્કેલી પડી રહી છે

રાયપુર

રાયપુરઃ બસ્તર રેન્જના આઈજી પી સુંદરરાજે કહ્યું કે હાઈટેક ટેક્નોલોજી, કોમ્યુનિકેશન, બહેતર વ્યૂહરચના અને વધેલી આક્રમક કામગીરીને કારણે સુરક્ષા દળોએ કાંકેરમાં મોટી સફળતાઓ હાંસલ કરી છે. આઈજી પી સુંદરરાજે કહ્યું કે સુરક્ષા દળોના સતત હુમલાથી માઓવાદીઓનો વિશ્વાસ ડગમગી ગયો છે. તેમને કેડરની ભરતી કરવામાં મુશ્કેલી પડી રહી છે.

આઈજીએ કહ્યું કે યુવાનો તેમની સાથે જોડાશે નહીં. તાજેતરના એન્કાઉન્ટરમાં વરિષ્ઠ અને નીચલા સ્તરના કેડર ગુમાવ્યા પછી માઓવાદીઓ માટે નવા કેડરની ભરતી કરવી એક પડકારજનક કાર્ય બની રહ્યું છે. લાંબા ગાળામાં વિવિધ મોરચે સામૂહિક પ્રયાસોની અસર એ છે કે માઓવાદીઓને મોટો આંચકો લાગ્યો છે. તેમણે કહ્યું કે આગામી કેટલાક વર્ષો નક્સલ વિરોધી મોરચે નિર્ણાયક બનવાના છે. ઝુંબેશ તેજ કરવામાં આવશે.

તેમણે કહ્યું કે સુરક્ષા દળોના સતત દબાણને કારણે માઓવાદીઓનું મનોબળ ઘટી રહ્યું છે, જેના કારણે છેલ્લા ચાર મહિનામાં ૭૮ માઓવાદીઓને ખતમ કરવામાં આવ્યા છે. આઈજીએ કહ્યું કે લડાઈ હજુ પૂરી થઈ નથી અને અમે માઓવાદીઓના ઈરાદાઓને ઓછો આંકી શકીએ નહીં કારણ કે તેઓ માત્ર આતંક અને આઈઈડી દ્વારા લડે છે.

## અરાહમાં માર્ગ અકસ્માતમાં ત્રણ લોકોના મોત અને ૧૨ ઘાયલ

આરા,

બિહારના ભોજપુર જિલ્લામાં ગુરુવારે મોડી રાત્રે ટ્રેક્ટર પલટી જતાં ત્રણ લોકો ઘાયલ થયા છે. આ અકસ્માતમાં ૧૨ લોકો ઘાયલ પણ થયા છે. અકસ્માત અંગે પ્રાપ્ત માહિતી અનુસાર, તિલક સમારોહમાંથી પરત ફરતી વખતે આ અકસ્માત થયો હતો. તમામ ઘાયલોને આરા સદર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.ઘટના અંગે જણાવવામાં આવ્યુંછે કે વિનોદ આગીગાંવ બજાર પોલીસ સ્ટેશન વિસ્તારના તિવારીડીહ ગામની મુસાહરની પુત્રી ફુલા કુમારીના તિલક કાર્યક્રમ માટે મુકુંદપુર ગામ ગયો હતો. રાત્રે ૨ વાગ્યાની આસપાસ ટ્રેક્ટર ટ્રોલીમાં લગભગ ૨૦-૨૫ લોકો પરત ફરી રહ્યા હતા, જેમાં ઘણા બાળકો પણ હતા. દરમિયાન, ટ્રેક્ટર કાબુ બહાર જતાં મુકુંદપુર પાસે ખાડામાં પલટી જતાં ત્રણ લોકોનાં ઘટનાસ્થળે જ મોત થયાં હતાં. મૃતકોમાં બે યુવતીના પરિવારના સભ્યો હતા જેઓ લગ્ન કરવાના હતા. આ અકસ્માતમાં મૃત્યુ પામેલાઓમાં આગિયાઓ બજાર વિસ્તારના તિવારીડીહના ખૈરી ગામના રહેવાસી ભદાઈ મુસહર, તિવારીડીહ ખૈરી ગામના રહેવાસી નિર્મલ મુસહર અને ગધાની પોલીસ સ્ટેશન વિસ્તારના નતમપુર ગામના રહેવાસી જગત મુસહરનો સમાવેશ થાય છે.

# કર્ણાટકની કોલેજમાં કોંગ્રેસ નેતાની પુત્રીની છરીના ૭ ઘા ઝીંકી હત્યા

બેંગલુરુ

કર્ણાટકના હુબલીમાં BVB કોલેજ કેમ્પસમાં ગુરુવારેએક કોંગ્રેસ નેતાની પુત્રીની ચાકુ મારીને હત્યા કરવામાં આવી હતી. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર સામે આવ્યો છે, જેમાં આરોપી યુવતી પર હુમલો કરતો જોવા મળી રહ્યો છે.

યુવકે યુવતીના ગળા અને પેટ સહિત શરીર પર છરી વડે સાત ઘા માર્યા હતા. આ દરમિયાન યુવકને પણ ઈજા થઈ હતી. બંનેને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા, જ્યાં યુવતીને મૃત જાહેર કરવામાં આવી. પોલીસે આરોપીની ધરપકડ કરી લીધી છે.

યુવતીની ઓળખ ૨૩ વર્ષની નેહા હિરેમથ તરીકે થઈ છે. તે કોંગ્રેસના કાઉન્સિલર નિરંજન

### યુવતીએ યુવકનો પ્રસ્તાવ ઠુકરાવી દીધો જેના કારણે તેણે આ લોહીયાળ ઘટનાને અંજામ આપ્યો

હિરેમથની પુત્રી હતી. યુવતી બીવીબી કોલેજમાં એમસીએ પ્રથમ વર્ષની વિદ્યાર્થીની હતી. આરોપી યુવક એ જ કોલેજનો ડ્રોપઆઉટ વિદ્યાર્થી છે. તેની ઓળખ ૨૩ વર્ષીય ફૈયાઝ ખોંદુનાઈક તરીકે થઈ છે. પોલીસે જણાવ્યું કે યુવક અને યુવતી પહેલેથી જ એકબીજાને ઓળખતા હતા. બંને બીસીએ દરમિયાન ક્લાસમેટ હતા. યુવતીએ તેનો પ્રસ્તાવ ઠુકરાવી દીધો હતો જેના કારણે તેણે આ ઘટનાને અંજામ આપ્યો હતો.

## ઈરાને જપ્ત કરેલ ઈઝરાયેલના જહાજમાંથી ભારતીય મહિલા ક્રુ મેમ્બર સ્વદેશ પરત ફરી

નવીદિલ્હી

ઈઝરાયલી જહાજ પર બંધક બનાવવામાં આવેલા ૧૭ ભારતીયોમાંથી એક મહિલા સભ્ય સ્વદેશ પરત આવી છે. બાકીના ૧૬ બંધકોની મુક્તિ માટે ભારત સરકાર ઈરાન સાથે સતત સંપર્કમાં છે. વિદેશ મંત્રી એસ જયશંકર, ક્રૂ મેમ્બર એવા ભારતીય બંધકોની મુક્તિને લઈને ઈરાનના વિદેશ મંત્રી સાથે સતત વાતચીત કરી રહ્યા છે.



ઈરાન અને ઈઝરાયલ વચ્ચે ચાલી રહેલા તણાવ વચ્ચે યુએઈના દરિયાઈ વિસ્તારમાં ઈઝરાયેલના જહાજને અટકાવી દીધું હતું. ઈરાને અટકાવેલ આ જહાજ એક કન્ટેનર જહાજ હતું, જેમાં કુલ ૨૫ ક્રૂ મેમ્બર છે. જેમાંથી ૧૭ ક્રૂ મેમ્બર ભારતીય છે. ઈરાને તે તમામને બંધક બનાવી લીધા હતા.

# દિલ્હી પોલીસે એક મકાનમાંથી ૧૫૦ કરોડનું ડ્રગ્સ ઝડપ્યું : ચાર નાઈજીરિયનોની ધરપકડ

### ગ્રેટર નોઈડામાં કેટલાક વિદેશી નાગરિકો દ્વારા ગેરકાયદેસર ડ્રગ ફેક્ટરી ચલાવવામાં આવતી હતી

નવીદિલ્હી,

ગ્રેટર નોઈડામાં એસડબ્લ્યુએટી ટીમ, પોલીસ સ્ટેશન ઈકોટેક વન અને પોલીસ સ્ટેશન દાદરીની સંયુક્ત ટીમને લોકસભા ચૂંટણી પહેલા મોટી સફળતા મળી છે. પોલીસે એક મકાનમાં વિદેશી નાગરિકો દ્વારા ચલાવવામાં આવતી ગેરકાયદેસર ડ્રગ્સ ફેક્ટરીનો પર્દાફાશ કર્યો હતો. પોલીસે દરોડામાં ચાર નાઈજિરિયન નાગરિકોની ધરપકડ કરી છે. પોલીસે ઘરમાંથી ૨૬.૬૭૦ કિલોગ્રામ એમડીએમએ/મેથ ડ્રગ્સ જપ્ત કર્યું હતું જ્યારે રૂ. ૫૦ કરોડની કિંમતનો કાચો માલ મળી આવ્યો હતો. જેની અંદાજિત કિંમત ૧૫૦ કરોડ રૂપિયાની આસપાસ હોવાનું કહેવાય છે.

પોલીસને સ્થાનિક બાતમીદારો પાસેથી માહિતી મળી હતી કે ગ્રેટર નોઈડામાં કેટલાક વિદેશી નાગરિકો દ્વારા ગેરકાયદેસર ડ્રગ ફેક્ટરી ચલાવવામાં આવી રહી છે. બાતમીદારની માહિતીના આધારે, પોલીસની સ્વાટ ટીમ, પોલીસ સ્ટેશન ઈકોટેક વન પોલીસ અને પોલીસ સ્ટેશન દાદરીએ નાઈજીરીયન મૂળના એક નાગરિકની ડ્રગ્સ સાથે ધરપકડ કરી હતી. પૂછપરછ દરમિયાન ધરપકડ કરાયેલા વિદેશી નાગરિકે પોલીસને જણાવ્યું કે તેના કેટલાક સહયોગીઓ ઓમિક્રોન ફોરેસ્ટ વિસ્તારમાં સ્થિત એક ઘરમાં ડ્રગ્સ ફેક્ટરી ચલાવી રહ્યા હતા.૨૬ કિલોથી વધુ ડ્રગ્સ મળી આવ્યું હતું અને ધરપકડ કરાયેલા આરોપીઓના પગેરા પર પોલીસે સંયુક્ત કાર્યવાહી કરી ઓમિક્રોન વન સેક્ટરમાં એક મકાનમાં દરોડો પાડ્યો હતો. અહીં પોલીસે જોયું કે ઉચ્ચ ગુણવત્તાની વિદેશી ડ્રગ્સ બનાવવા માટેના સાધનો

## રવિ કિશનનો ડીએનએ ટેસ્ટ કરાવવો તો જ વિવાદનો અંત આવશે : શિનોવા

ગોરખપુર,

અપર્ણા ઠાકુર નામની મહિલાએ દાવો કર્યો હતો કે ભોજપુરી સ્ટાર અને ગોરખપુરથી ભાજપના ઉમેદવાર રવિ કિશન તેની પુત્રીના પિતા છે. અપર્ણા ઠાકુરે કહ્યું કે તેની ૨૫ વર્ષની દીકરી શિનોવા રવિ કિશનની દીકરી છે. આ દાવાના જવાબમાં અભિનેતાની પત્ની પ્રીતિ શુક્લાએ અપર્ણા અને તેની પુત્રી વિરુદ્ધ એફઆઈઆર નોંધાવી હતી.

પોતાની એફઆઈઆરમાં પ્રીતિ શુક્લાએ મહિલા અને તેની પુત્રી પર ધમકાવવા, ખોટા આરોપો લગાવવા અને બળજબરીથી પૈસા પડાવવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવ્યો છે. શિનોવા એક અભિનેત્રી પણ છે. તે ફિલ્મ 'હિકઅપ્સ એન્ડ હૂકઅપ્સ'માં જોવા મળી છે. એક ખાનગી માધ્યમ સાથે વાત કરતા શિનોવાએ જણાવ્યું કે કેવી રીતે તેના પરિવારને હેરાન કરવામાં આવે છે. તેમજ આ વિવાદનો અંત લાવવા માટે રવિ કિશનનો પેટરનિટી ટેસ્ટ કરવો જોઈએ.

તેણે આગળ કહ્યું, 'તે મારા પિતા છે અને મને તેમને મને દત્તક લેવા કહેવાનો અધિકાર છે.

# બે રાજકુમારોની ફિલ્મનું શૂટિંગ ચાલી રહ્યું છે લોકોએ તેમને ફગાવી દીધા છે : રાહુલ-અખિલેશ પર વડાપ્રધાનનો ટોણો

અમરોહા

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે અમરોહા લોકસભા બેઠક પરથી ભાજપના ઉમેદવાર કંવર સિંહ તંવરના સમર્થનમાં ગજરૌલામાં એક જાહેરસભાને સંબોધી હતી. આ દરમિયાન તેમણે સપા-કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા. પીએમ મોદીએ કહ્યું કે રાજ્યમાં બે રાજકુમારોની જોડી ફરે છે, તેમની ફિલ્મનું શૂટિંગ ચાલી રહ્યું છે. તે આપણી આસ્થા સાથે રમી રહ્યો છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જનસભાને સંબોધતા કહ્યું કે આજે પ્રથમ તબક્કાનું મતદાન થઈ રહ્યું છે. લોકશાહીની સૌથી મોટી ઉજવણીનો આ એક મોટો દિવસ છે. હું તમામ મતદારોને બંધારણ દ્વારા આપવામાં આવેલા આ અધિકારનો ઉપયોગ કરવા વિનંતી કરું છું. અને ખાસ કરીને હું આપણા યુવાનોને વિનંતી કરીશ, જેઓ પહેલીવાર મતદાન કરવા જઈ રહ્યા છે, તેઓ આ તકને જવા ન દે, તેઓએ ચોક્કસ મતદાન કરવું જોઈએ.

પીએમએ કહ્યું કે ૨૦૨૪ની લોકસભા ચૂંટણી દેશના ભવિષ્યની ચૂંટણી છે. આ ચૂંટણીમાં તમારો દરેક મત ભારતનું ભાગ્ય સુનિશ્ચિત કરશે. ભાજપ ગામડાઓ અને ગરીબો માટે મોટા વિઝન અને મોટા ધ્યેયો સાથે આગળ વધી રહી છે. પરંતુ ઈન્ડિયા જોડાણના લોકોની તમામ શક્તિ ગામડાઓ અને ગ્રામ્ય વિસ્તારોને પછાત બનાવવામાં જ જાય છે. આ માનસિકતાથી અમરોહા અને પશ્ચિમ ઉત્તર પ્રદેશ જેવા વિસ્તારોને સૌથી વધુ નુકસાન થયું છે.

તેમણે કહ્યું કે, ભાજપ સરકાર દેશમાં ટેક્સટાઈલ ઉદ્યોગને પ્રોત્સાહન આપવા ટેક્સટાઈલ પાર્ક બનાવી રહી છે. અમરોહાના કપડા ઉદ્યોગને પણ આનો ફાયદો થશે. તેનાથી વધુને વધુ રોજગારીનું સર્જન થશે. અહીંના મિત્રોને પણ ભાજપ સરકારની પીએમ વિશ્વકર્મા યોજના અને મુદ્રા યોજનાનો લાભ મળી રહ્યો છે. મોદી સરકારના છેલ્લા ૧૦ વર્ષમાં જે કંઈ પણ થયું છે તે માત્ર ટ્રેલર છે. અત્યારે આપણે યુપી અને દેશને ઘણું આગળ લઈ જવાનું છે.

પીએમે કહ્યું કે સીએમ યોગી શેરડીના ખેડૂતોને લઈને ચિંતિત હતા. અમરોહાના શેરડીના ખેડૂતો ક્યારેય ભૂલી શકતા નથી કે તેમને અગાઉ ચૂકવણી માટે કેટલી હેરાનગતિ કરવામાં આવી હતી. પરંતુ આજે શેરડીની વિક્રમી ખરીદીની સાથે સાથે રાજ્યમાં વિક્રમી ચુકવણી કરવામાં આવી રહી છે. જયારે સપા સરકાર સત્તામાં હતી, ત્યારે અમરોહાના

## લુધિયાણાના ઉદ્યોગપતિ નીરજ સલુજાની કંપનીના ૮૧.૦૩ કરોડ રૂપિયાના શેર જપ્ત

ચંદીગઢ,

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) એ લુધિયાણાના પ્રખ્યાત ઉદ્યોગપતિ નીરજ સલુજા સામે મોટી કાર્યવાહી કરી છે. ઈડી જલંધરે બેંક છેતરપિંડીના કેસમાં લુધિયાણા સ્થિત કંપની મેસર્સ એસઈએલ ટેક્સટાઈલ લિમિટેડની માલિકીના રૂ. ૮૧.૦૩ કરોડના શેરના રૂપમાં જંગમ સંપત્તિ જપ્ત કરી હતી.

ઈડી અધિકારીઓએ જણાવ્યું હતું કે આમાં મેસર્સ રિધમ ટેક્સટાઈલ એન્ડ એપેરલ પાર્ક લિમિટેડના નામે ૩૬,૯૨,૯૩૦ શેર અને મેસર્સ સિલ્વરલાઈન કોર્પોરેશન લિમિટેડના નામે ૪૦,૪૧,૦૦૦ ઈક્વિટી શેરનો સમાવેશ થાય છે. આ બંને કંપનીઓ આરોપી ઉદ્યોગપતિ નીરજ સલુજા ચલાવે છે. નીરજ સલુજા બેંક ફ્રોડ કેસમાં અન્ય આરોપીઓ સાથે સામેલ છે, સલુજાની ૧૮ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ ધરપકડ કરવામાં આવી હતી. હાલમાં તે ન્યાયિક કસ્ટડીમાં છે.

આ મામલામાં સીબીઆઈ દ્વારા નોંધાયેલી એફઆઈઆરની તપાસ કરતી વખતે ઈડીએ આ કાર્યવાહી કરી છે. સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા આપવામાં આવેલી ફરિયાદ પર બેંક છેતરપિંડીના કેસમાં કંપની મેસર્સ એસઈએલ ટેક્સટાઈલ લિમિટેડના ડિરેક્ટરો અને શેરધારકો સામે કેસ નોંધવામાં આવ્યો હતો. આશરે રૂ. ૧,૫૩૦.૩૯ કરોડની બેંક લોનનો ગેરઉપયોગ કરવામાં આવ્યો હતો.

